યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. અંક ૧૮ મો. | સંવત ૧૯૮૭ ના વૈશાખ વદી ૨. તા૦ ૪-૫-૩૧ | છુટક નકલ : ૦II આનો. |

## જૈનો વાંચો અને ચેતો.

[ ઐતિહાસીક રાસ સંગ્રહ ( વિજય તિલકસુરિ રાસ ) ઉપરથી તારણ કાઢનાર : એક જૈન. ]

ધર્મસાગરજીનો વધુ પ્રપંચનો નમુનો-કર્મની વિચિત્ર ગતિ છે સોસાયટી આગમના નામે અભીમાન કરે છે તે પણ કર્મના લીધેજ. આગમોદ્ધારની ઉપાધી લઇ ફરનાર કર્મથીજ પોતાના મતને માન નહી આપનારને નીર્મુળ કરવાની હઠ લઇ બેઠા છે. કર્મથીજ રોહિણી પણું જ્ઞાન ભણ્યા છતાં અજ્ઞાનતાથી નરકે ગઇ. તેવી રીતે ધર્મસાગર વારંવાર ગુરૂની સ્હામા થયા તે પણ કર્મનેજ લીધે. પહેલા બે વાર શિક્ષા આપી તો પણ તેઓને સાન આવી નહીં. તેઓ તો પોતાના મતને સ્થાપન કરનારા એક પછી એક છાના નવા ગ્રંથો બનાવતાજ રહ્યા.

સંવત ૧૬૨૮ ની સાલમાં લોંકાના આગેવાને પોતાનો મત તજી હીરવિજયસૂરિની આજ્ઞા માનવી શરૂ કરી. સંવત ૧૬૩૯ હીરવિજયસૂરિજી અકબર બાદશાહને મળ્યા. સૂરિજીના ઉપદેશથી બાદશાહ ઘણો ખુશી થયો. પોતાની વીદ્વતાના બળે તીર્થોમાં લેવાતાં મુડકાં પણ મુક્ત કરાવી વર્ષમાં છ માસ જીવદયા પ્રવર્તાવી અને જજીયા વેરાથી લોકોને મુક્ત કરાવ્યા તેવે વખતે ગુજરાતની અંદર ધર્મસાગરજીએ ધાંધલ ઉઠાવી. ઠેકાણે ઠેકાણે કલેશો થવા લાગ્યા. ખરતર ગચ્છ વાળાઓ સાથે પાટણમાં મ્હોટો વિવાદ ઉભો થયો; (જેમ હાલમાં આનંદસાગર ખરતર ગચ્છને [illegible] કહે છે તેવી રીતે ઝગડા વધાર્યા.)

ખરતર સિઉં અતિ હુઓ વિવાદ પાટણમાં વાધ્યો ઉન્માદ, શ્રાવક નહીં બહુલા ઘણા હામ સાગર દુસ્મન થયા બહુ ઠામિ.

એહ વાત જગમાં વિસ્તરી હીરવિજયસૂરિ સુણી મનિ ધરી, વેગિં નૃપનો લહી આદેશ શ્રીગુરૂ આવ્યા ગુજ્જર દેસિ.

ધર્મસાગરની ધમાલના નમુના નીચે મુજબ છે તે વિજય તિલકસુરિના રાસાની ભાષામાં નહી આપી તેનો તરજુમો કરેલો છે :-

### ધર્મસાગરના બાર બોલ.

(૧) પોતાની શક્તિ હોય તો પરપક્ષીને બાળ પાડવા-કષ્ટ આપવું (જેમ હાલના આનંદસાગર વદે છે કે અધર્મીઓને નીર્મુળ કરો તે પણું સારૂં છે )

(૨) પરપક્ષી નોકાર ગણીનેપાપ નિવારે છે, તેનું ધર્મ-કર્મ અનુમોદવા યોગ્ય નથી.

(૪) પરપક્ષીએ સહણ કરેલાં દેહરાં, જીનવરનાં બિંબ તે હોળીના રાજા જેવા જાણવા. (એહવું સાઇ છે કે આનંદસાગરે પરપક્ષી એટલે ખરતર ગચ્છના દહેરાને રાજા જેવા જણાવ્યા નથી )

(૬) શાસ્ત્રની અંદર સાધુની પ્રતિષ્ઠા હોઇ શકેજ નહી કારણ કે શાસ્ત્રનો એક અક્ષર પાછો કહે, તેને ઉત્સુત્ર ભાષી કહેવામાં આવે છે અને ઉત્સુત્ર ભાષી હોય તેને સાધુ કહેવાયજ કેવી રીતે ? જો તેને સાધુજ ન કહેવાય તેની કરેલી પ્રતિષ્ઠા વાળી પ્રતિમા વાંદવા યોગ્ય કેમ હોઇ શકે ? વળી જો તેમને સાધુ કહેવામાં આવતા હોય, તો તે સાધુ કેવા સાધુ ? જો તેમાં સાધુપણું સદહતા હો તો પછી તેઓને વાંદતા કેમ નથી ?

### હિરવિજયસૂરિએ સામા બાર બોલનો ખુલાસોબહાર પાડયો :-

(૧) કોઇએ પરપક્ષીને કઠિણ વચન ન કહેવું.

(૨) પરપક્ષી જે કંઇ ધર્મ કરે તે, અનુમોદવા યોગ્યજ છે. કેમકે જ્યારે મિથ્યાત્વીમાં રહેલું માર્ગાનુસારીપણું અનુમોદવા યોગ્ય છે તો પછી જૈનમાંજ રહેલા પરપક્ષીનું શું કહેવું ?

(૪) દિગંબરની પ્રતીમા કેવળ શ્રાવકે પ્રતિષ્ઠીત કરેલી પ્રતિમા અને દ્રવ્ય લિંગીના દ્રવ્યથી બનેલી પ્રતિમાએ ત્રણે વાંદવા યોગ્ય નથી. બાકીના જીન બીંબોને વાંદતાં અટકાવું નહી-તેને પુજવાથી પાપનો નાશ થાય છે.

(૬) તેમનો વેષ દેખીને તમે કયા દર્શનના સાધુ તરીકે તેમને કહેશો. કારણ કે દર્શન તો છજ કહેલાં છે. તેમના વેષને જુદા માનતા હો તો તે પણ ૨૪ તીર્થંકરને આપણે માનીએ છીએ તેમનેજ તે લોકો માને છે. કદાચ મતિભેદના લીધે કંઇ ધર્મનો ઉચ્છેદ થઇ શકે નહી. વળી તેઓનું જો કંઇ પણ લેખામાં ન ગણાતું હોય તો પછી ચૌભંગી શા માટે કહેવામાં આવી ? અગર જો તેમનામાં સાધુપણું ન હોય, તો જુઓ ઠાણાંગ સૂત્રની અંદર કહેલી તે ચૌભંગી વળી મુનિમાં દ્રવ્ય-ભાવ-નામ અને સ્થાપના એ ચાર નિક્ષેપ ઘટાવ્યા છે. તેમાં ભાવ અને સ્થાપના ન હોય ત્યાં દ્રવ્ય અને નામ ન હોય એવું કાંઇ નથી. ત્યાં તો ચારે આરાધક કહ્યા છે તેમનામાં સાધુપણું કંઇ લાગતું નથી.

હવે રહી વાંદવાની વાત. દ્રષ્ટાંત તરીકે કણબી, ભાટ, અને રજપુતની જાત સાધુઓ લઇ શકે છે પણ વંચિનું અન્ન લઇ શકતા નથી. કેમકે તેવો વ્યવહાર નથી.

તેવી રીતે વ્યવહારથીજ વદના થતી નથી. કહેવાની મતલબ કે તેઓમાં સાધુપણું કોઇ અંશે છે, માટે તેમના પ્રતિષ્ઠિત બિંબો વાંદવાને યોગ્યજ છે.

[ જુઓ પાનું ૬ ઠું. ]

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# દીક્ષા લેવાનો થઇ પડેલો ધંધો.

ચરમ તીર્થંકર શ્રી મહાવીરે "રેમિ સામાઇયં" કહી દીક્ષાનો જે પવિત્ર માર્ગ ખુલ્લો કર્યો તે આજકાલ કલંકીત થઇ પડયો જણાય છે. છેલ્લા પંદરેક દિવસમાં કેટલાક દીક્ષિતોએ જે રીતે સાધુવેષ છોડયો છે તે જોતાં સ્પષ્ટ રીતે અનુમાનાય છે કે તેઓને પોતાનું દીક્ષિત જીવન ત્રાસમય અને અસહ્ય લાગ્યું હોવું જોઇએ તેઓએ કે તેઓના સંબંધીઓએ કરેલા એકરારો આ વાતની સાક્ષી પુરે છે. દીક્ષા લેતી વખતે અને દીક્ષા લીધા પછી એવા પ્રબળ કારણો પ્રાપ્ત થયા હોવા જોઇએ કે જેથી દીક્ષા ત્યાગનો જે બનાવ પૂર્વે પચાસસો વર્ષે પણ કવચિતજ બનતો તે આજે લગભગ દરરોજ બનતો હોય એમ તીવ્ર દુઃખ સાથે કાને અથડાય છે.

જે કાળમાં દીક્ષા ફંડો અને ઉપકરણ ફંડે સ્થપાયા હોય, કરજદારોનાં કરજો ચુકવી દીક્ષા અપાતી હોય અથવા દીક્ષા દ્વારા કમાવાનો ધંધો લઇ બેઠેલા કેટલાક લેભાગુઓને થોડાક હજારો રૂપીઆઓ આપીને લલચાવવામાં આવતા હોય, યોગ્યાયોગ્યની પરીક્ષા—અરે, તેનો વિચાર સરખોએ કર્યા વગર માત્ર દીક્ષિત સૈન્ય વધારવાની લાલસાએ અનેક વ્યવસ્થિત યોજનાઓથી સાધુ વેષ પહેરાવી દેવાની તાત્કાળીક ગોઠવણો—વ્યૂહ રચનાઓ રચાતી હોય તે કાળમાં આવા આશ્ચર્યકારક બનાવો વારંવાર બને તેમાં કંઇ નવાઇ જેવું જણાતું નથી.

પરંતુ વધારે નવાઇ જેવું તો એ જણાય છે કે દીક્ષા લેતી વખતે ખરા વૈરાગ્યવાળા જણાયેલા દીક્ષિતો પણ હાલમાં દીક્ષાનો ત્યાગ કરે છે. શું આજ કાલના સાધુ જીવનમાંજ સામાન્ય રીતે સડો દાખલ થયો છે કે માત્ર રામસાગર ટોળીના તંત્રમાંજ આ પરિસ્થિતિ છે તે કહેવું પણ મુશ્કેલીભર્યું થઇ પડે છે. બનવાજોગ છે કે સુરત ખાતે લીલું પણ બળે ભાઇ રતીલાલ ડાહ્યાભાઇએ ત્રણ માસ ઉપર દીક્ષા લીધી તે વખતની અને તે અગાઉના કેટલાક વર્ષોની તે ભાઇની ધાર્મિક વૃત્તિ જે જાણે છે તે ચોક્કસ રીતે કહી શકશે કે ખરી વૈરાગ્ય ભાવનાથીજ તે ભાઇએ દીક્ષા ગ્રહણ કરી હતી. છતાં ત્રણ માસમાંજ તેમણે શા માટે દીક્ષા છોડી તે સવાલનો ખરો ઉકેલ તો તે ભાઇજ કરી શકે પરંતુ એટલું અનુમાન તો જરૂર કરી શકાય કે સરળ હૃદયના તે ભાવિક જીવને તેમની આજુબાજુનું કલ્પિત થઇ પડેલું સાધુજીવન રૂચ્યું નહીં હોય. બલ્કે ત્રાસદાયક થઇ પડયું હશે.

શ્રી કોન્ફરન્સના એક નાના ઠરાવથી ભડકેલી રામટોળીમાં વારંવાર બનતા આવા બનાવોથી હવે તો આખા સમાજે સત્વર ચેતવું જોઇએ. શ્રી કોન્ફરન્સે પોતાની એક તાત્કાલીક બેઠક બોલાવવી જોઇએ અને આખા જૈન સમાજની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડનારા આવા બનાવો માટે એક સ્વતંત્ર કમીશન નીમી તપાસ કરવી ઘટે. આ નાનકડી રામ ટોળીએ પોતાની શોચનીય પરિસ્થિતિ સુધારવાની શક્તિ ગુમાવી દીધી છે. નથી તેમાં સંપ કે જંપ. જ્યાં ત્યાં ઝઘડા અને કલેશ, અભિમાન અને અજ્ઞાન નજરે પડે છે. તેથી સમસ્ત શ્રાવક વર્ગે પોતાના આશ્રમની રક્ષા અર્થે, જૈન ધર્મની પ્રતિષ્ઠાને અર્થે, શ્રી મહાવીરના માર્ગના ઉદ્ધારને અર્થે, હવે તો કટીબધ્ધ થવું જોઇએ અને પોતાનો દૃઢ અભિપ્રાય જલ્દી જાહેર કરી શ્રી મહાવીરના સુંદર પણ હવે કંટકમય બનેલા માર્ગમાંથી કાંટાઓ કાઢી નાંખી તેને સુખમય બનાવવો જોઇએ. અત્યાર સુધી તટસ્થ રહેલા સાધુ સમુદાયે પણ જૈન ધર્મની પ્રતિષ્ઠાની ખાતર શ્રી કોન્ફરન્સના આ કાર્યને સંગીન સાથ આપવો ઘટે.

જો આ સોનેરી તક ગુમાવવામાં આવશે તો, યાદ રાખવાનું છે કે એક ભયંકર હોળી તુરતમાંજ ભવિષ્યમાં આવશે અને સમાજમાં વધુ અવ્યવસ્થા અને છિન્નભિન્નતા થશે.

દુધમાં અને દહીંમાં પગ રાખવાનો આ સમય નથી. આ સવાલ આખા જૈન સમાજનો છે—પવિત્ર જૈન ધર્મનો છે. ઉચ્ચતમ મનાયેલું જૈન સાધુ જીવન હાલ તો વગોવાય છે, અને જૈનેતરોમાં તેની હાંસી થઇ રહી છે. જેટલા વ્હેલા જાગીશું તેટલું સારૂં છે નહીં તો પછી સમાજની શી દુર્દશા થશે તે કહેવા કરતાં કલ્પવું વધારે સ્હેલું છે.

---

### આજોલના સમાચાર.

આજોલથી એક ભાઇ લખી જણાવે છે કે, મુનિ અમૃતવિજય જે સોસાયટીના મેમ્બરો વધારવા ખ. રોલને બોલાવી મહેનત કરી જોઇ પણ પરિણામે નિષ્ફળતા મળી. પછી રીદરોલના તથા આજોલના શ્રાવકોમાં કુસંપના બીજો વાવ્યા. એટલાથી ન ધરાતાં ગામ પુધરામાંથી સોનાની પ્રતિમાઓ ધારી ઉપાડી પણ શ્રાવકોના પાછળ પડવાથી નાંખે મોટે તે મૂર્તિઓ પાછી આપવી પડી.

---

—અમદાવાદ જૈન યુથ લીગની એક સામાન્ય સભા તા૦ ૨૮-૪-૩૧ ને મંગળવારના રોજ રાતના આઠ વાગતાં ઝવેરી મુળચંદ આશારામ વૈરાટીના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

(૧) ગત રાષ્ટ્રીય લડતમાં જેલ જઇ આવેલ ભાઇઓ તથા તેમાં સતત ભોગ આપનાર અન્ય ભાઇઓને આ સભા અભિનંદન આપે છે અને પરસ્પરના પરિચયમાં આવવા માટે એક સ્નેહ સંમેલન કરવાનું ઠરાવે છે.

(૨) યુવક સંઘ સંમેલન જે વડોદરા ખાતે ભરાવાનું છે તેને જરૂરી સહકાર આપવો.

(૩) દરેક જૈન ભાઇ તથા બ્હેન સ્વદેશી વસ્તુ વાપરે તે સારૂ યોગ્ય પ્રચાર કરવો.

(૪) બ્રહ્મેન્દ્ર જૈન સોસાયટી, સંમેલન, કોન્ફરન્સ, યુવક સંઘ અને અન્ય જૈન છાપાઓની પ્રવૃત્તિ વિરૂદ્ધ જે ઠરાવો કર્યા છે તેને આ સભા વખોડી કાઢે છે.

## વઢવાણનો પડકાર.

કેટલીક રૂઢીઓ અને અન્યાયોને આપણે સામે જઈને સહકાર નથી આપતાં, તે છતાં આપણી નિષ્ક્રિયતામાંથી તે પુષ્કળ પોષણ મેળવે છે. કેટલાંક જંગલી છોડ એવાં હોય છે કે તેને કોઈ પાણી સીંચવા નથી જતું, તેની રક્ષા માટે વાડ પણ કોઈ નથી બાંધતું. તો પણ તે ફાલે-ફુલે છે; અને તેમાં સર્પ-વીંછી આદિ પ્રાણીઓ ભરાઈ બેસે છે. કુરૂઢીઓ અને સામાજીક અન્યાયો પણ એ રીતેજ આગળ વધે છે. આપણે વખતસર ચેતી તેનું જડમૂળથી નિકંદન ન કાઢીએ અને માની લઈએ કે આપણા સહકાર વિના તે કંઈ શીઘ્રજ વૃદ્ધિ પામવાનાં છે તો તે કાંટારૂપ બની રહે. આળસને અંગે અથવા તો જે વખતે આપણે અર્જુન બની સામે પડકાર કરવો ઘટે તે તક નિષ્ક્રિયતામાં ગુમાવી બેસીએ તો એક યા બીજી રીતે આપણે એ અન્યાયને આડકતરો પણ અસહકાર આપ્યો છે એમ ગણાય. આજે કેટલાય વખત થયાં આપણા જૈન સમાજમાં "યુવાન" શબ્દનો છડેચોક દુરૂપયોગ થઈ રહ્યો છે. યુવાનીનાં તેજ, સ્વાતંત્ર્ય અને ઉદ્દામતાને લજવે એવી પ્રવૃત્તિઓ યુવાનોનાના નામ સાથે સંકળાય છે. છતાં આપણા જૈન જુવાનો પોતાની નિષ્ક્રિયતા વડે તેને આગળ ધપવાનો અવસર આપે છે અને "આપણું શું બગડી જવાનું હતું" એવી મુગ્ધ મનોદશામાં મ્હાલી, ધૂર્તતાના વાતાવરણને જુદી રીતે પોષણ આપે છે. વઢવાણના યુવકોએ એ નિષ્ક્રિયતા સામે હાલમાં પોતાનો પ્રચંડ પડકાર નોંધાવ્યો છે એ જાણી જૈન યુવકો અને પ્રૌઢોના દીલ સંતોષાયાં વિના નહીં રહે. એક વાત તો સૌ કોઇ જાણતું હતું અને જાણે છે કે જેમને પોતાની લીલા વીસ્તારવાની હોય છે તેઓ, યુવાનો, વૃધ્ધો અને સ્ત્રીઓના નામે પણ નાટારંભ ખેલતાં લજવાતાં નથી, કારણ કે એ તો એમની કારીગરીઓ પૈકીની એક કારીગરીજ પુરવાર થઇ ચુકી હોય છે, એટલે એ વિષે આપણે એમને માફ કરી શકીએ: પરંતુ જેઓ આ દુરૂપયોગને ઠંડે કલેજે સાંખી રહે અને અન્યાયની સામે પણ માથું ઝુકાવી બેસી રહે તેઓ તો અક્રિયપણાના આરોપ માટે પૂરેપુરા જવાબદાર રહે છે એમ કહ્યા વિના નથી ચાલતું. વઢવાણના યુવાનોએ સવેળા જાગૃત થઇ સૌરાષ્ટ્રની લુંટાતી લાજ સંભાળી અને "ઑલ ઇંડીયા યંગમેન્સ સોસાયટી"ની સાથે સૌરાષ્ટ્રના યુવકોને લેશ પણ લેવા દેવા નથી એમ ખુલ્લે ખુલ્લું જાહેર કરી દીધું. આ હિમ્મત નહીં તો, સમયસરની સાવધગીરી માટે પણ વઢવાણના યુવકો અભિનંદનને યોગ્ય છે. એટલું ઠીક થયું કે વઢવાણમાં જે અભિનયો ભજવવાનાં હતાં તે બીજી કોઈ રંગભૂમિ માટે મુલતવી રહ્યાં. પણ સાચી વાત કહીએ તો એ અભિનયોની આપણને જેટલી દરકાર ન હોય તે કરતાં વધુ ચિંતા તો યુવકોના નામના દુરૂપયોગની આપણને હોવી જોઇએ. એ દુરૂપયોગને જો આપણા યુવકોએ આટલેથી ન અટકાવ્યો હોત તો તે કેટકેટલાં રૂપ ધરત તે કંઇ કહી શકાય નહીં. અમે એ લીલાઓના રહસ્યમાં આ સ્થળે ઉતરવા નથી માગતાં. પણ આટલા પડકાર માત્રથી સૌ કોઇ સમજી શક્યું હશે કે કેટલાક અન્યાયો અને દંભો આ પ્રમાણે આપણા એક માત્ર પડકારનીજ રાહ જોતાં ખડાં હોય છે. મરવાની આગાહીજ એ છેલ્લો શ્વાસ ઘુંટતા હોય છે. દરેક દરેક ગામનો યુવાન સમાજ જો આટલી જાગૃતી રાખે તો અમને ખાત્રી છે કે જંગલી છોડની જેમ આપણી આળસમાંથી પોષણ મેળવતાં વણુખરાં અન્યાયો આપોઆપ ભસ્મીભૂત બની જાય. "ઑલ ઇંડીયા યંગમેન્સ સોસાયટી" જેવી સોસાયટી જો ક્યાંઇએ વિદ્યમાન હોય અને તેણે કોઇને ગુલામી ખત લખી આપ્યું હોય કે ન આપ્યું હોય તો પણ તે પોતાના વિચાર કે મનોભાવ જાહેર કરવાને સંપૂર્ણ સ્વતંત્ર છે. પરંતુ જૈન સમાજના યુવકોના નામે તે પોતાનો દંભ વિસ્તારી શકે નહીં એટલું તેણે બરાબર સમજી લેવું ઘટે.

## જૈન કૉન્ફરન્સ ઉપર પ્રહારો.

### શું આ શાસનપ્રેમીઓનો ધર્મ છે?

### બોલતાં પહેલાં વિચાર કરો.

### શેઠ કસ્તુરભાઈ લાલભાઈ શું કહે છે?

લેખક: રા. મહાસુખભાઇ ચુનીલાલ, વીસનગર.

જાહેર વર્તમાનપત્રોમાં અયોગ્ય દીક્ષા ઉપર લેખ લખવા મારી કલમ, હિંદી વાતાવરણ રાજ્યકીય ચળવળથી ભરપુર છવાએલું હોવાથી, બંધ થયે માત્ર ૫-૬ માસ થવા આવ્યા એટલામાં તો વીરશાસનના તંત્રી સુના પડી ગયા અને મારી કલમ શરૂ કરવા જાણે આડકતરી રીતે સૂચવતા હોય તે પ્રમાણે "મહાસુખભાઇની ચૂપકીદી" એ મથાળાવાળો લેખ તા૦ ૧૦-૪-૩૧ ના વીરશાસનમાં વાંચકો આગળ રજુ કરી પોતાનું હૃદય ખાલી કરે છે. "અમૃત સરિતા નામની નવલકથા મારફત જૈન સમાજમાં ઝેરી પ્રવાહ ફેલાવ્યા બાદ તેમણે નવું સાહસ ખેડ્યું નથી" એમ કહી નવું સાહસ ખેડવા મને પ્રેરણા કરે છે. મારી પાંચ છ માસની ચૂપકીદીને ભયંકર મૌન તરીકે તે ઓળખાવે છે અને આગળ ચાલતાં મુનિશ્રી રામવિજયજીના વર્તનથી કે તેમના પ્રવચનથી જાણે મારા વિચારો બદલાયા હોય એમ અનુમાન કરી મારી ચૂપકીદીને ઘડીભર પ્રશંસાને પાત્ર માનવાને તૈયાર થાય છે. કેવા વિરોધાભાસ અલંકારનું પ્રદર્શન!!

આ પ્રમાણે કહી પોતાના મૂળ ધ્યેય ઉપર આવી જૈન કોન્ફરન્સને ઉતારી પાડવા-તેમના શબ્દો ઉપરથી કહીએ તો ગાળો દેવા ગમે તે શબ્દોનો ઉપયોગ કરે છે

વીરશાસનના તંત્રીજીને પુછું છું કે-આપને જૈન કોન્ફરન્સના વિરૂદ્ધ લખતાં જરા પણ શરમ નથી આવતી? તે કોન્ફરન્સનું બારમું અને તેરમું કહેતાં આપનું હૃદય જરા પણ કંપાયમાન થતું નથી? તે કોન્ફરન્સને દફનાવવાની વાત કરતાં આપના જેવા શાસનપ્રેમી અને ધર્મી હોવાનો દાવો કરનારને પાપ નથી લાગતું? એવું અશુભ ચિન્તવન કરવું એ શું ધર્મી પુરૂષોનો ધર્મ છે? ખરેખરા દુશ્મનનું પણ બુરૂં ઇચ્છવાની ધર્મમાં સખ્ત મનાઇ છે તો આવો ધર્મ વિરૂદ્ધનો ઉપદેશ કયાંથી ગ્રહણ કર્યો? કૃતઘ્ની બની કૃતઘ્ની થવામાં હૃદય જરા પણ ડંખતું નથી? તે જૈન કોન્ફરન્સના

પ્રમુખોની નામાવળી યાદ કરો અને પ્રભુ સાક્ષી રાખી હૃદય ઉપર હાથ મુકી હૃદયને પુછો કે જૈન કોન્ફરન્સને ગાળો દઇએ છીએ તે પુણ્ય કરીએ છીએ કે પાપનો પોટલો બાંધી શાસન-પ્રત્યે બેવફાઇનું પ્રદર્શન કરીએ છીએ? શાંત ચિત્તથી હૃદયનો જવાબ સાંભળી ન્યાય આપો, યદ્વા તદ્વા ન બોલો. તેમ બોલવાથી આપ કોનું અપમાન કરો છો તેનો ખ્યાલ કરો. ફલોદીમાં સંવત ૧૯૫૮ માં જન્મ પામેલી આજે ૨૯ વર્ષની થયેલી જૈન કોન્ફરન્સની સંસ્થાને મારી નાખવાની વાત કરવી તે કૃતઘ્નીપણું નહીં તો બીજું શું? જે કોન્ફરન્સનું બારમું, તેરમું કરવાની વાતો કરો છો તેના સ્થાપક શ્રી. ગુલાબચંદજી ઢઢા હતા, જેને દફનાવવાની વાત કરો છો તેના પ્રમુખ તરીકે બાબુ બદ્રીદાસજી અને બાબુ બુદ્ધિસિંહજી દુધેડીઆ હતા. જેને અધર્મી તરીકે ઓળખાવો છો તેના પ્રમુખ તરીકે શેઠ વીરચંદ દીપચંદ, બાબુ સીતાબચંદજી નહાર, શેઠ મનસુખભાઇ ભગુભાઇ, શેઠ નથમલજી ગુલેચ્છા આદિ જેવા પ્રમુખો થઇ તેનું પાલન કરી ભર યુવાન અવસ્થા પ્રાપ્ત કરાવી છે. તેનું મીઠું ફળ સમસ્ત હીંદના જૈનોએ મુંબઇમાં મળેલી ખાસ કોન્ફરન્સ મારફત ચાખ્યું છે. શ્રી શત્રુંજય તીર્થ ઉપર આવેલી આફતનો પ્રશ્ન કોન્ફરન્સેજ ઉપાડયો હતો અને તેની મારફત કામ લીધેલું છે. તેની બેઠક મુંબઇમાં સંવત ૧૯૮૧ માં શેઠ કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપણા નીચે મળી હતી. તે વખતે પ્રમુખ મહાશયે પોતાના ભાષણમાં કોન્ફરન્સની જરૂરીયાત સંબંધી બોલતાં જણાવ્યું હતું કે—

"આપ સૌને વિદિત હશે કે જૈન સમુદાયના જુદા જુદા ગામના સંઘના આગેવાનોની એક સભા સન ૧૮૮૦ માં અમદાવાદમાં મારી જાણ પ્રમાણે પ્રથમ મળી હતી. વખત જતાં આવા સમેલનની ઉપયોગીતા જણાઇ અને સને ૧૯૦૨ ની સાલમાં ફલોદી ખાતે તેની પહેલી બેઠક થઇ અને તે કોન્ફરન્સમાં તીર્થના તેમજ કોમ ઉન્નતિના પ્રશ્નો હાથ પર ધરવામાં આવ્યા અને ત્યાર પછીની કોન્ફરન્સની જુદી જુદી બેઠકોમાં થયેલું કામકાજ તેની અગત્યતા પુરતી રીતે સાબીત કરે છે. હાલમાં ઉપસ્થીત થયેલી સ્થીતીનો આપણે વિચાર કરીશું તો આપણને સ્હેજે જણાશે કે શ્રી શત્રુંજયના રખોપા બાબત તેમજ અન્ય તીર્થોના હકની બાબત એવી છે કે જેમાં દરેક જૈનને પોતાનો ફાળો આપ્યા વીના ચાલે તેમ નથી. આવે વખતે આપણી છુટી ન્યાતના મંડળો અને સંઘોને એકત્ર કરવા અને આપણામાં પ્રગતિ અને કર્તવ્યનો જુસ્સો રેડવા **કોન્ફરન્સ એ આપણું અંગજ બનવી જોઇએ** પણ તેમની મદદે સમસ્ત કોમ ન હોય તો, તેમનું કામ સ્હેલાઇથી અને સરળતાથી થવું સંભવીત નથી તેથીજ કોમના અભ્યુદયના ઉત્તમ વિચાર આપણી સમક્ષ રજુ કરી તેને વ્યવહાર રૂપમાં મુકવા **કોન્ફરન્સની ખાસ જરૂર છે. ટુંકાણમાં કોન્ફરન્સ કોમના જીવનનું અને કર્તવ્યનું** સાધન હોઇ **નીયમીત રીતે ઓછા ખરચે મળવી જોઇએ અને જૈન ભાઇઓને તે તેમની સામાજીક, ધાર્મીક અને નૈતિક** સ્થીતી સુધારવામાં જેટલી વધુ ઉપયોગી થઇ પડે તેટલાજ પ્રમાણમાં આપણી કાર્યનીપુણતા અને કર્તવ્યશક્તીનું માપ નીકળી શકે × × છેલ્લા પંદર વર્ષથી આપણી માતૃભૂમીમાં નવા વિચારો ફેલાય છે સામાજીક તેમજ રાજકીય બાબતમાં આપણે આગળ વધીએ છીએ. દેશસેવા અને જનસમાજની સેવાની ભાવના પ્રકટ થતી જાય છે. રાષ્ટ્રીય ઉન્નતીની ચળવળો ચાલી રહી છે. આવા વખતે આપણે પણ તેવા કાર્યમાં સાથેજ રહેવાની ખાસ જરૂર છે અને તેથીજ આપણો કાર્યક્રમ રાષ્ટ્રીય પ્રગતિના ધોરણ અનુસાર હોવો જોઇએ × × ટુંકમાં હવે **આપણે જાગૃતિના જમાનામાં સત્વર જાગી આપણી યોજનાઓને બનતી ત્વરાથી અમલમાં મુકીએ એવી મારી નમ્ર વિનંતી છે. મને આપણી કોમના ઉજ્વળ ભવિષ્યને માટે ખચીતજ મોટી આશા છે."**

ઉપરના શબ્દો તે કોન્ફરન્સના પ્રમુખ શેઠ કસ્તુરભાઇ લાલભાઇના ધ્યાનમાં લો, તેમના દરેકે દરેક શબ્દ ઉપર વિચાર કરો. તંત્રી સાહેબ! આવી કોન્ફરન્સ અને તેના પ્રમુખના ગુણો કેમ ભુલી જાઓ છો? જેને અવલંબીને ચાલવાથી કોમના ઉજ્વળ ભવિષ્યની આશાઓ બંધાયેલી છે તેને નાશ કરવાની વાતો છોડી દો. કોન્ફરન્સમાં પસાર થયેલો ઠરાવ જે વ્યક્તિને ન રૂચતો હોય તો તેને તે ઠરાવ વિરૂદ્ધ પોતાનો મત જણાવવાનો સંપૂર્ણ અધિકાર છે તે ઠરાવ વિરૂદ્ધ લખો તેમાં કોઇને વાંધો નજ હોય. પણ કોન્ફરન્સને મારી નાખવાની વાત કરવી તે તો માણસાઇના લક્ષણથી બહાર છે. આટલાથી સંતોષ થતો ન હોય તો હીંદી મહાસભાનો દાખલો લો. હીંદી મહાસભાના ઠરાવો વિરૂધ્ધ ઘણી ઘણી પારટીઓ પડી હતી અને હાલ પણ પડે છે પરંતુ તેઓ હીંદી મહાસભાને ગાળો દેવા કે તેને તોડી નાખવા યત્ન નહોતા કરતા અને અત્યારે પણ કરતા નથી એટલુંજ નહીં પરંતુ તેની પ્રત્યે પૂજ્ય ભાવથી જુએ છે સુભાષચંદ્ર બોઝ જેવા લાલ પેરણ (red shirts) ના આગેવાન જે એક તીવ્ર લાગણી ધરાવતા હતા તે ગાંધી-અરવીન કેસ વિરૂદ્ધ જુંબેશ ઉઠાવવા આવ્યા, નિયમાનુસાર કરાંચીમાં હીંદી મહાસભામાં ભાગ લીધો અને બહુમતીને માન આપ્યું અને પોતાનું ધાર્યું ન થયું છતાં હીંદી મહાસભાને ગાળો ન આપી કે તોડી પાડવાની વાતો ન કરી. કેટલાક મુસલમાનો પણ વિરૂદ્ધ વિચાર ધરાવનાર હોવા છતાં પણ મહાસભા પ્રત્યે માનની લાગણીથી જુએ છે. આનું નામ માણસાઇ અને એનું નામ કાર્યદક્ષતા.

જૈન કોન્ફરન્સને ગાળો દેવી તે તો માજી પ્રમુખોને અપમાન કર્યા બરાબર છે. તેમણે ઉઠાવેલી સેવા અને મદદ ધ્યાનમાં લો! કોઇનો રોષ કોઇના ઉપર ન ઠલવો. લડવાની તે રીત નથી. મતનો વિરોધ હોઇ શકે પણ જાતનો વિરોધ ન હોઇ શકે. તે વાત ધ્યાન બહાર ન કાઢો. બોલતાં પહેલાં જીભ ઉપર અને લખતાં પહેલાં કલમ ઉપર કાબુ રાખો. જૈન ધર્મના સિધ્ધાંતને ન છાજે તેવા દ્વેષની લાગણીથી ભરેલા ઠરાવો આપની શાસનપ્રેમી સોસાયટીના સમેલનમાં થાય એ થોડો ધર્મદ્રોહ છે. ધર્મી પુરૂષોના હાથે તેવો ઠરાવો થાય? જો તેવા ઠરાવો થઇ શકે તો પછી તે શાસનપ્રેમી અને ધર્મી તરીકે કહી શકાય? લેખ લંબાયા છે એટલે સમેલનના ઠરાવો ઉપરનું અવલોકન હવે પછી કરીશ.

તંત્રી સાહેબ! જૈન યુવક બંધુઓ હવે રાજકીય પ્રવૃત્તિમાંથી મુક્ત થયા છે તેવા અનુકુળ પ્રસંગે આપે મારી ભયંકર ચુપકીદીનો ભંગ કરવા સમયસુચકતા વાપરી પ્રેરણા કરાવી છે તે માટે આ સ્થળે આપનો ઉપકાર માનું છું. આશા છે કે યુવક બંધુઓ પોતાની જાગૃતિ સામાજિક સુધારણાના માર્ગ તરફ દોરી સમાજનો આભારી કરશે.

વીસનગર, તા૦ ૨૮-૪-૩૧.

# કરિયાતુ.

( લેખક: કડવો વૈદ્ય )

(**નોંધ**-આ લેખમાળા લેખક સ્વતંત્ર રીતે લખે છે. તેમાં જણાવેલા વિચારો આ પત્રિકાને સર્વથા માન્ય છે તેમ સમજવું નહીં.—તંત્રી.

## — પ્રાસ્તાવિક —

સમાજ જ્યારે રોગગ્રસ્ત હોય અને જીર્ણ જ્વરે જ્યારે ઘર કર્યું હોય ત્યારે કરિયાતુ એ રહેલો અને સરળ ઉપાય છે. ભલે ડાક્ટરોનો જુદો અભિપ્રાય પડે પણ કડવા વૈદ્યને કરિયાતા વિષે અખંડ શ્રદ્ધા છે. વ્હાલા વાંચકગણ એ રોગના જે જુદા જુદા ચિન્હો આપણા સમાજ શરિર ઉપર દૃષ્ટિ ગોચર થાય છે તેની સમિક્ષા હું નીચેની લેખમાળામાં અનેક દૃષ્ટિબિંદુથી કરવા માંગુ છું અને આશા રાખું છું કે વાંચકગણ હંસક્ષીર ન્યાયે સારૂં ગ્રહણ કરી નઠારૂં તજશે.

* * *

આજ સમસ્ત હિંદુસ્થાન એક ખુણેથી બીજા ખુણા સુધી જાગૃત થઇ ગયું છે. રાષ્ટ્રિય અસ્મિતાના વ્હેણ જોસભેર વહી રહ્યા છે. તેમાં પણ ખાસ કરી છેલ્લા બાર મહીનામાં આપણા આંગણમાં જે ઉત્સાહ અને ચેતનાનું પુર આવ્યું છે તેવું પુર જગતભરના ઇતિહાસમાં આટલા ટુંકા વખતમાં ભાગ્યેજ આવ્યું હશે. જ્યારે સ્વાર્થ ત્યાગથી માંડી સ્વાત્માર્પણ સુધીના એક એકથી ચઢીયાતા દાખલા નજરે ચઢે છે ત્યારે મને પ્રશ્ન થાય છે કે હજુ આપણા સમાજમાં જોઇએ તેટલી જાગૃતિ આવી છે? આપણા સમાજનો એક ક્ષુદ્રજ સાદો જણાતો પ્રશ્ન મારા મન આગળ તરી આવે છે. આપણામાંથી લાજ કાઢવાનો અજ્ઞાનજનક રિવાજ ક્યારે નાબુદ થશે. ઘણાને આ પ્રશ્ન બહુ સાધારણ લાગશે જ્યારે કેટલાક એવા જરૂર છે કે જે આ પ્રશ્નનું મહત્વ હજુ સહૃદયપણે સ્વીકારી શક્યા નથી. જે દૃષ્ટિબિંદુથી હું આ પ્રશ્ન ચર્ચવા માંગુ છું તેમાંથી જરૂર બન્ને પક્ષને કંઇ નવું જાણવાનું મળશે.

* * *

ઘણાં વર્ષો ની વાત છે. જ્યારે આ પ્રશ્ન મને પ્રથમ સ્ફુર્યો ત્યારથીજ લાગેલું કે આમાં કાંઇ દોષ હોવો જોઇએ પરંતુ જે રિવાજ જમાનાથી ચાલ્યો આવ્યો છે તેમાં દોષ કેમ હોઇ શકે એવો સામો પ્રશ્ન થયો. ત્યાર પછી આજ સુધી આ રિવાજ જેમં જેમ વધુ ચર્ચતો આવ્યો છું તેમ તેમ મારી સમિક્ષા વધુ રસમય બનતી ગઇ છે અને આખરે હું એવા નીશ્ચિંત અભિપ્રાય ઉપર આવ્યો છું કે આ અતિ સાદો જણાતો-કુરિવાજ જો દૂર થાય તો આપણો આખોયે સામાજીક પ્રશ્ન પચાસ ટકા અથવા ભલે તેથી ઘણો વધારે ઉકેલી શકાયો ગણાય-જેમ ક્ષયના દર્દીને રોગિષ્ટ વાતાવરણથી દૂર કરી સ્વચ્છ અને નૈસર્ગિક આબોહવામાં મૂકવામાં આવવાથી થાય તેમ.

* * *

આ રિવાજનું મૂળ મને આપણી સ્ત્રીઓની નિરક્ષરતામાં જણાય છે અને તેને પુરૂષોની નિરક્ષરતા અને આડંબરનો ટેકો મળ્યો છે. સૃષ્ટિની શરૂઆતમાં તેમજ હિંદુસ્થાનના સુવર્ણકાળે પણ આ રિવાજ પ્રચલિત હતો એવું કોઇ પ્રમાણ મળતું નથી.

* * *

સ્ત્રી પુરૂષની લાજ શા માટે કાઢે? સ્થિતિચુસ્ત તરત જવાબ આપશે કે મોટાનું માન સાચવવા ખાતર. સ-સ્ત્રી પોતાના પિતા તથા કાકાની લાજ શા માટે કાઢતી નથી? ઉ-(જરા વિચાર કરીને) હા. પણ શા માટે કાઢે? તે તો પોતાનું ફરજંદ છે. સ-ત્યારે લાજ કાઢવાનો હેતુ શો? ઉ-વાહ, સાસરીઆમાં વડીલો હોય તેનું માન તો કાંઇ સાચવવું જોઇએને? સ-વડીલનું માન લાજ કાઢવાથીજ સચવાય તે કાંઇ સમજાતું નથી. વળી જો માન શ્વસુર પક્ષમાંજ સાચવવાનું હોય તો જમાઇ સસરાની લાજ કેમ કાઢે નહીં? ઉ-તમે તો મૂર્ખ છો, લાજ સ્ત્રીને કાઢવાની હોય કાંઇ પુરૂષને હોય. આ તો શ્વસુર પક્ષના વડીલોનું માન સાચવવા ખાતર છે. શું છોકરાની વહુ સસરાની લાજ કાઢ્યા વગર ઘરમાં હરે ફરે? કેવુ અજુગતું કહેવાય.

સ-તમે કહો છો તે પ્રમાણે કદાચ પુત્રવધુ શ્વસુરની લાજ કાઢે નહી તો શું અજુગતું કહેવાય તે સમજાતું નથી. માન જો લાજ કાઢવાથીજ સચવાતું હોય તો સ્ત્રી જાતિ **જે જે વ્યક્તિને માન આપવા માગે તે તે વ્યક્તિની જાતિના ભેદભાવ વગર-શા માટે લાજ કાઢે નહીં.** જ્યારે બ્હાર જાય ત્યારે ભાગ્યેજ લાજ કાઢવી અને પોતાનાં ઘરનાજ વડીલો જેમના તરફથી સારા સંસ્કારોની અપેક્ષા રાખવી ઘટે અને રખાય તેમનીજ લાજ કાઢવી, એ પારાવાર અજ્ઞાનતા નહીં તો બીજું શું?

* * *

મારૂં તો માનવું છે કે લાજ વડીલ પ્રત્યેના માન અને વિનયની લાગણી માટે હોય તો તે ખોટો ભ્રમ છે. ઉલટું તે અપમાનજનક અને અવિનયી છે એવો મારો નમ્ર અભિપ્રાય છે. જાતિના ભેદભાવ બાજુએ મૂકી વિચારો કે એક વ્યક્તિ પોતાના વડીલને માન આપવા ખાતર મોઢું સંતાડે તો? એ કલ્પના ભયંકર છે. વાત એમ છે કે આ રિવાજનું મૂળ મને અમુક અંશે મુસ્લિમ રાજ્યકર્તાઓના સમયમાં જણાય છે, જ્યારે અજાણ્યા માણસોથી સ્ત્રી વર્ગ ચેતતો રહેતો. દેશમાં તે વખતે નિરક્ષરતાનું પ્રમાણ વધતું ગયું. પુરૂષોમાં-એટલે સ્ત્રી વર્ગનું પૂછવુંજ શું? પરંતુ શ્વસુર પક્ષ અને તેમના સંબંધીઓ પ્રત્યે સર્વથા જે આ પ્રથા હજુ ચાલુ છે. (અજાણ્યા પ્રત્યેજ નહીંજ કારણ સ્ત્રી વર્ગ બ્હાર નીકળે છે ત્યારે ભાગ્યેજ લાજ કાઢે છે.) તેનું કારણ સ્ત્રી વર્ગની નિરક્ષરતામાં આ રિવાજની ઉત્પત્તિ અને પુરૂષોની નિરક્ષરતાનું જળસિંચન. એક ઓછી કેળવણીવાળી કન્યા લગ્ન વખતે પતિથી કુદરતી ક્ષોભ પામે તેજ મને તો આ રિવાજનું મૂળ ભાસે છે. દેખીતી આ નિર્દોષ પ્રથાએ સમાજમાં કેટલાં ઉંડા મૂળ ઘાલી દીધાં છે? સ્ત્રી વર્ગને કેટલો લાચાર, નિર્બળ અને પરાધીન બનાવી દીધો છે? અને પરિણામે કેવા ભયંકર વિચારો ફેલાઇ રહ્યા છે. વિચારક વર્ગે હવે ચેતી તાકીદે આ કુરિવાજ જલદી નાબુદ કરવો ઘટે છે.

* * *

પણ કોઈ કહેશે કે આ રિવાજથી આપણને ભલે લાભ ન હોય પણ નુકશાન શું? અરે નુકશાન તો પારાવાર છે. શારીરિક સુખાકારીની બાબત બાજુએ મુકીએ પણ સ્ત્રીઓને મનુષ્યત્વના સાધારણ હકમાંથી હડસેલી મુકીએ છીએ અને વર્ષને વચલે દહાડે તેમના સદ્‌ભાગ્યે જો તેમને ઘરની બહાર નીકળવાનું થાય તો લાંબા દિવસના ભુખ્યા ભિખારીને જેમ અન્ન મળે અને છુટકારાનો દમ ખેંચે તેમ દમ ખેંચશે. વસ્તુતઃ જો વિનય અને માનને ઠેકાણે કેટલાક સ્થિતીચુસ્તો તો અપવિત્રતાનુંજ વાતાવરણ ઉભું કરે છે અને મત દર્શાવે છે કે આ રિવાજને લીધેજ આપણા સમાજમાં કાંઇ પવિત્રતા સચવાઇ રહી છે! મને વાસ્તવિક રીતે બહુ શંકા છે કે આ રિવાજથી પવિત્રતા સાચવી શકાતી હોય. મેં કેટલેક ઠેકાણે જોયું છે કે જ્યાં જ્યાં આ રિવાજ દૃષ્ટિગોચર થાય છે ત્યાં ત્યાં સ્ત્રી વર્ગમાં એક એવી જાતની કુતુહલતા ઉત્પન્ન થાય છે કે જેમાંથી અનેક દોષો જન્મ પામે છે અને જરાયે લાજ કાઢવાનું કારણ અદ્રશ્ય થાય છે ત્યારે અગુપ્તની છુટ લેવાય છે. આ બધાનું પરિણામ તો એકજ છે કે જેને આપણે ખરો વિનય કહીએ તે નષ્ટ થાય છે અને મહત્તા અને આંકડા વીચારો ઘર કરી બેઠા છે જે આપણી બધી પ્રગતિ રોકી રહ્યા છે.

* * *

પણ આ રિવાજ આપણા સમાજને તદ્દન ભિન્ન ભિન્ન અવસ્થામાં મુકવામાં કેટલો કારણભૂત થયો છે તે બહુજ થોડા જાણતા હશે. આ રિવાજનું અસ્તિત્વ હોત નહીં તો આપણામાં આવું બહુના **અહિનકુલમ્** (સાપ અને નોળીઆ) જેવા કજીઆ હોત? કેળવણીના દરેક પ્રશ્નો બાળલગ્ન, વૃદ્ધલગ્ન અને કેટલે અંશે વિધવા વિવાહ જેવા પણ કુટ પ્રશ્નોનો નિકાલ કયારનોએ આવી ગયો હોત. વળી કન્યાની સંમતિ વગર આપણામાં જે આજીવન લગ્નગ્રંથી બંધાય છે તેવી પ્રથા ભાગ્યેજ પ્રચલિત હોત. પરિણામે આપણા આખાયે સમાજ અંગનો આ પક્ષાઘાત રાષ્ટ્ર-શરિરની જે પ્રવૃત્તિઓ રોકી રહ્યો છે તે ભાગ્યેજ રોકતો હોત—હિંદુસ્થાન પાયમાલ અને પરાધીન રહ્યું ન હોત. પૂ. ગાંધીજી એક ઠેકાણે લખે છે "સ્ત્રી સ્વાતંત્ર્યનો માર્ગ શિક્ષણદ્વારા નથી પરંતુ **પુરૂષોની તેઓપ્રતિની દૃષ્ટિમાં** અને તદનુસાર થતા વર્તનના ફેરફાર કરવામાં છે. શિક્ષણ જરૂરનું છે પરંતુ તે સ્વતંત્રતાની પાછળ હોવું જોઇએ. અક્ષરજ્ઞાન વિના આપણી સ્ત્રીઓ પૃથ્વિ ઉપરની કોઇ પણ સ્ત્રી જેટલી સંસ્કારી ગણાઇ છે × × × જ્યાંસુધી **હિંદુસ્થાનની સ્ત્રી એક રતિભાર પણ દબાએલી રહેશે અથવા ઓછા હકકો ભોગવતી હશે ત્યાંસુધી હિંદુસ્થાનનો ખરો ઉદ્ધાર થવાનો નથી."**

* * * (અપૂર્ણ)

( અનુસંધાન પાના ૧ લાનું ચાલુ. )

(૭) સ્વામીવાત્સલ્ય કરતાં જો કોઇ પરપક્ષી આવી જાય તો સ્વામિ વાત્સલ્ય નિષ્ફળ જાય છે. દાખલા તરીકે ખીરના ભોજનમાં વિષનું બિંદુ પડવાથી ખીર નકામી થઇ જાય છે તેવી રીતે સ્વામી વાત્સલ્યનું સમજવું.

(૭) આ યુકતી ઠીક નથી. હજારો માણસો સ્વામી વાત્સલ્યથી જમતાં હોય તેની અંદર થોડા પરપક્ષી આવ્યા હોય તેનાથી હજારોને જમાડવાનું પુન્ય ફોક થઇ શકે નહી. એકના લીધે બીજાનું પુન્ય ફેરવાઇ શકાતું નથી. જેમ વિષમિશ્રીત ખીરના ભોજનમાં અલ્પ અમૃત નાંખવામાં આવે તો તે ખીર નિર્વિષ થઇ જાય છે તેમ સ્વામિવાત્સલ્યના પુન્યથી તે (દોષ) પણ નષ્ટ થાય છે. (અનંતા કાળના મીથ્યાત્વની અંદર સબડતા જીવોને સમકીતનો અંશ અર્ધ પુદ્‌ગલ પરાવર્તનની સ્થીતીએ પહોંચાડે છે તે દાખલો પણ બધ બેસતો આવી શકે તેમ શાસ્ત્ર તારણ કાઢનાર જૈન માને છે.) તેટલા માટે સ્વામિવાત્સલ્ય ફોક થતો નથી.

(૯) સ્વપક્ષીનો યોગ ના મળે, પરપક્ષી સાથે જે યાત્રા કરવામાં આવે તે નિષ્ફળ થાય છે.

(૯) પરપક્ષી સાથે યાત્રા કરતાં યાત્રા સંસાર તરવામાં કારણભુતજ છે.

(૧૦) પરપક્ષી ચર્ચા કરવા માંગતો હોય તો શાસ્ત્ર અનુસારે કરવી પરન્તુ કલેશ વધે તેમ ન કરવું.

(૧૧) કુમતી કુદ્દાલ ગ્રંથ વિજયદાનસુરિએ સંઘ સમક્ષ જળશરણ કર્યો છે માટે તે ગ્રંથમાંનું એક પણ વચન જે કોઇ ગ્રંથમાં હોય તે ગ્રંથ પણ અપ્રમાણ માનવો.

(૧૨) પરપક્ષીએ બનાવેલ સ્તુતિ-સ્તવનાદિકને તુરક અને કાંજીના ભોજનના માફક નિષેધવું.

(૧૨) જે લોકો જીનસ્તુતિ કરે છે તે સુકૃત પેદાતેજ કરે છે. માટે ગમે તેણે પણ કરેલી જીન સ્તુતિ હોય તે કહેવામાં બાધ નથી.

એ પ્રમાણે ધર્મસાગરજીએ પટામાં મતુ માર્યું અને હીરવિજયસુરિજીની અને સંઘની માફી માંગી. આ બાર બોલનો હીરવિજયજીએ બનાવેલો પટો હતો. તેના ઉપર ગીતારથોએ મતાંપણ કર્યાં અને આ પટો ગામ ગામ ચોમાસી અને પર્યુષણોમાં ગીતાર્થો વાંચવા લાગ્યા. સર્વત્ર શાંતી ફેલાઇ ગઇ.

બાર બોલનો પટો લખાયા પછી ધર્મસાગરજી વિચરવા લાગ્યા. તેઓએ અમદાવાદમાં આવીને ઘણા શ્રાવકોના મનમાં સંદેહ વાળી દીધો અને પાછું પોતાનું સ્વરૂપ પ્રકટાવ્યું.

નિસુણી ગચ્છ નાયક એ વાત જાણ્યો તેહનો સવી અવદાત;
ભવિયણ નઈ કરતા ઉપગાર રાધિનપુરી પુહુતા ગણધાર.

શ્રી હીરવિજય સુરિજીએ, શ્રી શાન્તિચંદ વાચકને અમદાવાદ મોકલી ધર્મસાગર વાચકને કહેવડાવ્યું કે:—

સંવત સોલ નઈ સતરોત્તરઇ સીખ દીધી તે નવિ સાંભરઇ.
ઓગણીસમઇ પણિ તે પરિ હૂઇ તો હવઇ તુમ હાથકઇ મતિ ગઇ;
વળી ભિઈ તાલઇ લપી બોલ બાર તે પણિ તુમ માટિ સુવિચાર.

તમને સં. ૧૬૧૭ ની સાલમાં શિખામણ આપી. તે શું સાંભળતી નથી? સં. ૧૬૧૯ માં પણ શિક્ષા આપી હતી, તેને યાદ કરો. વળી સં ૧૬૪૬ માં બાર બોલનો પટો લખ્યો, તે પણ શું ભુલી ગયા? આટલું થયા છતાં તમે તમારા આગ્રહને છોડતા નથી અને ગચ્છમાં ભેદ કરો છો શા માટે? તમે તમારા મુખથી શ્રી સંઘની સાક્ષીએ મિચ્છામી દુક્કડં દો નહિ તો ગચ્છનો તમારે ઘણો દુખો વેઠવો પડશે

શાંતિચંદ્ર વાચકે પરા વિગેરેનો સંઘ એકઠો કર્યો. આ સર્વે સાગરજીની પાસે ભોજ વાળા ભદુઆ વિગેરે આગેવાન શ્રાવકોને સંઘ બહાર મુકયા. પછી સાગરજીને બોલાવ્યા. એ પ્રમાણે સંવત ૧૬૪૮ માં મળેલી આ સભામાં સાગરજીએ ઉભા રહીને આ પ્રમાણે મિચ્છામી દુક્કડં દીધા:

( હવે પછી બહાર પાડવામાં આવશે. )

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, સરાફવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. | સંવત ૧૯૮૭ ના વૈશાખ વદી ૯. | છુટક નકલ : |
| અંક ૧૯ મો. | તા૦ ૨૧-૫-૩૧ | ૦॥ આનો. |

## (ક્રાન્તિ ભ્રાતા.)

### જૈનો ચેતો.

સાંભળવામાં આવ્યું કે પંચમેન જૈન સોસાયટી પોતાના ફુકમો છુપાવવા પોતાનો ગચ્છ સ્થાપવા માટે લોકોને એટલે જૈન સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવીકાને સમજાવી રહી છે કે યુવકસંઘે આગમો ને ફુતરાં શાસ્ત્ર કીધું છે. યુવકસંઘે કોઇપણ દીવસ આગમો ને ફુતરા શાસ્ત્ર કીધું નથી પણ આગમોને નામે જે જે ઢબઢાબોર સાધુઓએ વાડા બાંધ્યા છે અને ઢબડા ચાલુ રાખ્યા છે તેને ફુતરા શાસ્ત્ર કીધેલુ છે. પંચમેન સોસાયટીને પુછવામાં આવે છે કે આગમો લખવાની શરૂઆત દેવધીંગણી ક્ષમા શ્રમણે કરી તે ફક્ત બાલજીવો પોતાના આત્માનું કલ્યાણ પાંચમા આરામાં આથી કરી શકે તેટલા માટે તો આગમોના કથા ભાગમાં લખેલું છે કે દેવર્ધીગણી ક્ષમાશ્રમણે પુસ્તકો લખાવતી વખતે ભાવક શીષ્ય પોતાની સાથે રાખેલો હતો. આગમોને નામે દુકાન માંડીને બેઠેલાઓને ચેતવણી હજુ આપવામાં આવે છે કે જ્ઞાનના નામે માર-વાડમાંથી હુંડીઓ લાવી વટાવી ખાધી અને વીરશાસન જેવા પત્રો ચલાવવા અને જ્યારે તેનો ખુલાસો નાણાં આપનાર માંગે ત્યારે દંભસેવી યુવકો આગમોને ફુતરાં શાસ્ત્ર તરીકે જાહેર કરેલો તેમ બરાડા પાડી લોકોને ઉંધે રસ્તે દોરવવા હોય તો તે રસ્તો પંચમેન સોસાયટીને મુબારક હો.

જૈનસાધુઓને યુવકોએ કોઇપણ દીવસ પડાણુ કીધા નથી પણ જૈન સાધુઓના વેષમાં પઢાણોના કામો કરતાં દંભ સાધુઓને (હમેજ સમકીતી બીજા મીથ્યાત્વી) પઢાણોના ઇલકાબ આપવામાં આવ્યા છે તે બાબત ગમે તેટલાં ગપગોળા ફેંકવામાં આવશે તો તે ગપગોળા બાબત હવે યુવકો ફસાય તેમ નથી. હજુપણ કહેવામાં આવે છે કે જો પઠાણ સાધુઓથી ચીમકીઓ લાગતી હોય તો પઠાણનો ધર્મ મોહરાજાને હંફાવવા કરે પણ દગા, પ્રપંચ, જુઠ બારમાસી ધર્મને નામે કરતા અટકો તોજ કાયમની સુલેહ શાંતી થઇ શકે તેમ છે નહીં તો ક્રાંતિકારી જરૂરાજરૂર દંભીઓને હંફાવવા પ્રયત્ન કરશે.

શ્રીજયનેમીસુરીજી જેવા તટસ્થ મહાત્માઓને ફરીથી વિનંતી કરીએ છીએ કે યુવકોએ આગમોને ફુતરા શાસ્ત્ર કીધા નથી પણ આગમોને નામે જે બેઠા દુકાનો ચલાવી બેઠા છે તેમના પ્રવચનને તેમના વીરશાસનના લખાણોને અમોતો જરૂરાજરૂર ફુતરા શાસ્ત્ર કહેવાના અમારે આગમોને નામે કે ભગવાન મહાવીરના નામે જુદી દુકાન કાઢવી નથી અમારો જૈનસંઘ ભગવાન મહાવીરના વખતમાં હતો. તેમ જૈનસંઘ પાંચમા આરા સુધી કાયમ રહે તેમ અમોને શ્રધ્ધા છે. આગમોનું નામ રાખી જૈનસંઘ પાંચમા આરા સુધી કાયમ રહેશે કે નહી તેની શ્રધ્ધા અમને નથી તે લોકો શાસન રસીક સંઘ સ્થાપે છે કારણકે જૈનસંઘ સ્થાપતી વખતે ભગવાન મહાવીરે ભુલ કરેલી હોવી જોઇએ કે જેથી ફરીથી શાસન રસીક સંઘ સ્થાપવાની વીસમી સદીમાં જરૂર પડી છે. ધન્ય તે આગમોના નામે ચરીખાનારાઓને!

હુંકમી પાટણની અંદર નેમીશ્વર પ્રભુના મંદીરમાં બેસી કર્મ ખપાવવાનો ઢોંગ ચાલી જૈનધર્મનો ઉધ્ધાર શાસન રસીક સંઘ વડેજ થવાનો છે તેવા પ્રયત્નો કરી પાટણના સ્થાનીક જૈનસંઘને ગાળો ભાંડે તેવા ઢોંગ ચાલુ રાખો કે સાધુ તે સાધુ નથી પણ ભગવાન મહાવીરના શાસનમાં અંગારા પેદા થયા છે અને તેવાઓ સામે યુવાનો ક્રાન્તિ કરશે જરૂર મોરચા માંડશે. ક્રાન્તીકારી કોઇથી ડરે તેવા નથી કારણકે ભગ-વાન મહાવીરેજ કીધેલુ છે કે સ્વનો ઉધ્ધાર સ્વ વડેજ થવાનો છે. જૈન સંઘ બંધારણ પુર્વક અહીંસા પરમો ધર્મનો ફેલાવો જગતભરમાં કરે તેજ ઇચ્છા ક્રાન્તીકારોની છે.

લી.

જૈન ક્રાન્તિભ્રાતા.

## ગ્રાહકોને વિનંતિ.

અત્યાર સુધી આપણી સેવામાં 'જૈનયુવકસંઘ પત્રિકા' મોકલવામાં આવે છે. ગ્રાહકોને વિનંતિ કરવામાં આવે છે કે ચાલુ સાલનું એટલે ૧૯૩૧ ની સાલનું લવાજમ મોકલી આપશો અથવા હમારો માણસ લેવા આવે તો આપી દેશો.

હવે પછીના પંદર દિવસોમાં જેઓનું લવાજમ નહિ આવે તેઓને ૨૧ મો અંક વી. પી. થી રવાના કરવામાં આવશે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

## નિષ્ફળ સંમેલનો.

દેશવિરતી ધર્મારાધક તથા શોસાયટીના સંમેલનો અમદાવાદમાં ભરાયાં તે સંમેલનોના કામકાજની પધ્ધતીના નીયમો હાલમાં ભરાતા અન્ય કોમના તથા જૈન સમાજના સંમેલનોથી તદ્દન જુદા પ્રકારના છે. સંમેલનો ભરવાની જરૂરીયાત તથા તેનો હેતુ એજ હોવો જોઇએ કે સંમેલનમાં ભાગલેનારાએો જે કાર્યસિદ્ધિ માટે સંમેલન ભરવામાં આવ્યા હોય તે માટે સંમેલનમાં કાંઇ વીચાર કરી શકે. સંમેલન કાંઇ કાર્ય પ્રણાલીકા નક્કી કરી શકે. પણ આ સંમેલનમાં કાંઇ નક્કી કરવાનું હતુંજ નહી. કાંઇ વીચારવાનું હતુંજ નહી. સંમેલનના કર્તાહર્તા મુનીશ્રી રામવીજયજીના હુકમોનું આજ્ઞાનું પાલન તેજ કાર્ય, તેજ વીચારણા તેજ ઠરાવો હતા. તો પછી સંમેલન ભરવાની અને આટલા મેટા ખર્ચો કરવાની શી જરૂર હતી ? મુનીશ્રીના ફરમાનો પ્રવચન દ્વારા, વીરશાસનદ્વારા કે મુંબઇસમાચારમાં જાહેરખબર દ્વારા સુખેથી સમાજ પાસે મુકી શકાત. ખાનગીમાં કમીટી ઠરાવો ઘડવા માટે મળવાની હતી. સંમેલન વહાણામાંને ઠરાવો માટે કમીટી ખંડાલામાં !! તે કમીટીએ કાંઇ કાર્ય કર્યું કે નહી તે સમાજ જાણતી નથી; તે કમીટીએ ઠરાવોનો ખરડો ઘડયો હોત ને પ્રગટ કર્યો હોત તો સમાજ તે ઠરાવો ઉપર જરૂર વીચાર પ્રગટ કરી શકત. તેમ સંમેલનોના દીવસોમાં પણ સબજેકટ કમીટી નીમાણી હોય તેમ જણાતું નથી. નીમાણી હોય તો તેના સભ્યોનાં નામ પ્રગટ થયા નથી. પ્રમુખના ભાષણો કોણે લખ્યા? કોણે વાંચ્યા ? તેમાંના વીચાર કોના છે તે સમાજ સારી રીતે સમજી શકે તેમ છે. પહેલેથી છેલ્લે સુધી કોઇ ગુપ્ત ષડયંત્ર કામ કરી રહ્યું હોય તેમ સંમેલનમાં ભાસ થતો હતો સંમેલન વહાણામાં ન ભરાયા. કારણ કુદરતે મેળવી આપ્યું. ભરાયા હોત તો પરીણામ શું આવત તેનો ખ્યાલ વહાણાવાસી બંધુઓ આપી શકે. ઘણા આમંત્રણો તે પછી કાઠીઆવાડના ગામોમાંથી ને અન્ય સ્થળોથી મળ્યા એમ અભીમાન પૂર્વક જાહેર કરતા હતા છતાં અમદાવાદ સંમેલન કેમ ભરવા પડયા ? શું અમદાવાદના સંઘનો આગ્રહ હતો ! કે આણંદજી કલ્યાણજીની પેઢીએ આમંત્રણ મોકલ્યું હતું ? હકીકતતો સાચી એમજ છે કે કાઠીઆવાડના સ્થળોમાં ભરવાના પ્રયાસો નીષ્ફળ નીવડયા એટલે અમદાવાદ તરફ જવું પડયું. શામાટે અમદાવાદના આમંત્રણ કરનારના નામ જાહેર પાડવામાં આવતાં નથી ? આમંત્રણ આ સંમેલનનું આપવા તૈયાર હતા તે ગામો શા માટે આવતા સંમેલન માટે આમંત્રણ આપવા તૈયાર ન થયા કે સુરતથી અમદાવાદ આવી પાછું સુરતનુંજ આમંત્રણ કરવામાં આવ્યું ? સમાજ હવે ખોટી ધામધુમથી કે સહરાગત ભરેલા દેખાવોથી છેતરાય તેમ નથી. સંમેલનમાં ડેલીગેટ કેટલા આવ્યા હતા ને કયા કયા ગામના તે પણ પ્રગટ થયેલ નથી. જે આવ્યા હતા તેમને કોણે ચુંટયા હતા ? જુન્નેર કોન્ફરન્સમાં જેટલાએ ડેલીગેટ ન હોવા છતાં ડેલીગેટ હોવાનો દાવો કરી ટીકીટો માગી હતી. તેમાંનાજ કેટલાક ભાઇઓએ આ સંમેલનમાં ભાગ લીધો છે. જેવીરીતે જુન્નેરમાં પોતાની મેળે પ્રતિનિધિ થઇ બેઠા હતા તેવીરીતે સંમેલનમાં પોતાના ગામોના નામનો ઉપયોગ કર્યો હશે. તેઓને કોઇ ગામે કે સંઘે કે મંડળે ડેલીગેટ તરીકે અમદાવાદના સંમેલન માટે ચુંટયા હોય તો તે હકીકત પ્રગટ શામાટે કરવામાં આવતી નથી ? સંમેલનની નિષ્ફળતા ઢાંકનારને ગાળો દેવાથી સંમેલનની ઉપયોગીતા પુરવાર થવાની નથી. સત્ય હકીકતો પ્રગટ કરો સમાજ તો તેનો તોલ કરશે. ધર્મની કે કોમની વાસ્તવિક ઉન્નતિ ઇચ્છનારા કોઇ પણ સંમેલન ભલે તે કોન્ફરન્સ હોય કે યુવક પરિષદ હોય કે સોસાયટી સંમેલન હોય તે દરેકને આ હકીકત લાગુ પડે છે. હાલના યુવાનોને નક્કર કામ જોઇએ છે. તેઓ જ્યાં ધર્મ, કર્તવ્યપરાયણતા અને આત્મત્યાગ હશે તેને વંદન કરશે. ઠરાવો વિષે હવે પછી.

# કરિયાતુ.

—ગતાંકથી ચાલુ—

( લેખક : કડવો વૈદ્ય. )

(નોંધ—આ લેખમાળા લેખક સ્વતંત્ર રીતે લખે છે. તેમાં જણાવેલા વિચારો આ પત્રિકાને સર્વથા માન્ય છે તેમ સમજવું નહીં —તંત્રી.

## — પ્રાસ્તાવિક —

આશા છે કે આપણો વિચારક વર્ગ આ દયાજનક સ્થિતી સુધારવા જલદી પ્રયત્ન કરશે. હિંદુસ્થાનની બત્રીસ કરોડ (હાલ ૩૫ કરોડ) ની પ્રજામાંથી **પંદર કે સોળ કરોડને અજ્ઞાન અને પરાધીનતામાં રાખવાનું અંધેર ક્યાં સુધી આપણે ચલાવી લઇશું**—ક્યાં સુધી આપણે આપણી પ્રગતિ રોકી રાખી પોતાના પગ ઉપરજ કુહાડો મારીશું ? આપણે જ્યારે આ સ્વતંત્રતાનો પ્રશ્ન ઉકેલીશું ત્યારે જેમ અપચ્યનો રોગ અદ્રશ્ય થએ આખા શરીરમાં લોહી આવી ફરવાકે અને અવયવે લાલી પ્રસરે તેમ આપણા રાષ્ટ્ર શરીરને વિષે થશે.

સ્વામિ વિવેકાનંદ જેમણે જગતભરમાં હિંદની સંસ્કૃતિનો ડંકો વગાડયો છે તેમણે એક વખતે અમેરિકામાં ભાષણ કરતાં જણાવ્યું હતું કે "અમારા દેશમાં પુત્રવધુ જ્યારે શ્વશુરગૃહે આવે છે ત્યારે વડીલો તેને પોતાની પેટની દીકરી સરખી ગણે છે અને તેવાજ પ્રેમ અને માયાથી રાખે છે. અને શિક્ષણ આપે છે. આજ કારણથી જ્યારે દુનીયાના ઘણા રાજ્યો પરદેશીઓના આક્રમણોથી નષ્ટ થઇ ગયા છે ત્યારે અમારો દેશ અનેક આક્રમણો છતાં હજુ પણ પોતાની સંસ્કૃતિ સાચવી રહ્યો છે." અને તેથીજ હજારો વર્ષ પહેલાં મનુ ગાઇ ગયો છે કે **यत्रनार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता** આપણા અર્વાચીન ગૃહમંદિરોમાં હમણાં તો દેવતાના ઠેકાણે રાક્ષસો રમી રહ્યા છે !

કડવો વૈદ્ય એક દિવસ ઘાટકોપરથી મુંબઇ આવતો હતો સાથે એક જાહ્ન મિત્ર હતા—યુવાન અને અસાધારણ સાધારણ રીતે નવી કેળવણી પામેલા તેમજ સાથે તેમનો એક પુત્ર આઠથી દશ વર્ષનો રેલ્વેમાં સળીઆવાળી બારી પાસે બેઠો

( જુઓ પાનું ૬ )

# જૈનો વાંચો અને ચેતો.

[ઐતિહાસીક રાસ સંગ્રહ (વિજય તિલકસુરિ રાસ) ઉપરથી તારણ કાઢનાર: એક જૈન.]

—ગતાંકથી ચાલુ—

ધર્મસાગરજીએ ઉભા રહીને આ પ્રમાણે મિચ્છામિદુક્કડં દીધાં:—

(૧) મરિચીએ કપિલને જે વચન કહેલું, તેને શાસ્ત્રમાં ઉત્સૂત્ર કહ્યું છે, અને હું ઉત્સૂત્ર સદ્દહતો ન હોતો તેનો મિચ્છામિદુક્કડં દઉં છું.

(૨) ભગવતીને અનુસારે અનંતાભવ મેં સદહ્યા પરન્તુ શ્રી હીરવિજયસુરિજીના વચનથી હવે હું તાણું કરતો નથી. અહિં પંદર ભવ છે. અનંતા નહિં શ્રી ભગવતીની શાખ દઈને અનંતા સદ્દહતો, તેનો મિચ્છામિદુક્કડં દઉં છું.

(૩) ઉત્સૂત્ર ભાષીને નિયમેન અનંતસંસાર હું સદ્દહતો, તેનું પણ શ્રીસુરિજીના વચનથી મને ભાન થયું કે અધ્યવસાય પ્રમાણે સંખ્ય અસંખ્ય અને અનંત સંસાર થઈ શકે છે. આ સંબંધી જે પ્રરૂપણા કરી, તેનો મિચ્છામિદુક્કડં.

(૪) કેવલીના શરીરથી કોઈપણ જીવ મરે, એમ હું સદ્દહતો, પરન્તુ શ્રી હીરસુરિના વચનથી આચારંગ અને ભગવતી આદિની શાખથી હવે હું તે એકાંત છોડું છું. અર્થાત અવશ્ય કેવલપણે કદાચિત કેવલીના શરીરથી પણ કોઈ જીવ મરે તો ના નહી તજ મરે એવો જે એકાંત ભાવ હું સદ્દહતો, તેનો મિચ્છામિદુક્કડં.

(૫) બાર બોલનો જે પટો બહાર પાડેલો તેથી જે કંઈ હું ઉલટું બોલ્યો હઉં, તેનો મિચ્છામિદુક્કડં દઉં છું.

આ સિવાય સાગરજીએ સંઘ સમક્ષ, ગચ્છ વિરૂદ્ધ, પરંપરા વિરૂદ્ધ, સુત્ર વિરૂદ્ધ, ગુરૂની આણ વિરૂદ્ધ સદ્દહવાનું હોય, તે દરેક સંબંધી મિચ્છામિદુક્કડં દીધા.

જુઓ ઉપર સાગરજી અને બીજાઓના મતાં કરાવ્યાં પછી દરેક પોતાને સ્થાનકે ગયા. (સાગરમી સદીનો કલેશ થોડા વખત માટે બંધ પડયો ને શાંતિ થઈ.)

(હાલમાં વિચરતા આનંદસાગરને જો જૈનધર્મની ખરી દાઝ હોય, પોતાનો બંધાતો વાડો વધારવાનો મોહ ઓછો કરે અને જો તેઓ નીખાલસ હૃદયથી પોતાના ભાની લીધેલા શીષ્ય રામવિજય વીગેરે સાથે મળીને જો (સુરિ સમ્રાટ ચક્રવર્તી ?) વિજય નેમીસુરિજી પાસે જઈને પોતાના નીખાલસ દીલથી જો ખુલાસો બહાર પાડે તો જરૂર વિજય નેમીસુરિજી જૈનોની અંદર ચાલતા ઝગડાનો અંત લાવી શકે તેમ છે)

અવસ્ય પધારવા હોય તો ખુશીથી પધારો, જૈનો જૈનોનો ઉદ્ધાર પોતાના સ્વહુસ્ત વડેજ સમય પરીપાક થયે; જરૂર કરશે તે તો સનાતન સત્ય છે તેથી જૈનયુવકો, ઉંઘમાંથી ઉઠીને કટીબદ્ધ થઈ મંગાળપૂર્વક થોડે થોડે કામ કરવાની શરૂઆત કરશો તો જરૂર ફતેહ પામશો.

કહેવત છે કે લીંબડે કેરી લાગતી નથી, દુધથી એળીઓ મીઠો થતો નથી, દુધપાવાથી સર્પ નિર્વિષ થતો નથી, દુધથી ધોવાતો કાગડો ધોળો થતો નથી, તેવીરીતે ધર્મસાગરે મિચ્છામિદુક્કડં દીધા છતાં ઘણીવાર સમજાવ્યા છતાં પોતાનો સ્વભાવ છોડયો નહી. સાગરે પોતાનું અભીમાન છોડયું નહી. પોતાનો મત સ્થાપવાને “સર્વજ્ઞ શતક” નામનો ગ્રંથ બનાવ્યો. વિપરીત પંથ આલેખ્યો તેથી ધર્મસાગરને જે ત્રણ ગામ અમદાવાદ-પાટણ- અને રાધનપુરમાં રહેવાનો નિષેધ કરવામાં આવ્યો તેથી તેઓ સુરતમાં જઈને રહ્યા.

સંવત ૧૬૪૯ ની સાલમાં વિજયહીર સુરિશ્વરજીએ શત્રુંજયની યાત્રા કરી અને તેમની સાથે રહેલા સંઘમાં કુલે બે લાખ માણસોની સંખ્યા થઈ હતી. પાટણ, કુંભમેર, આગ્રા, લાહોર, મેડતા, સીરોહી, જાલોર, માળવ, મેવાડ, રામપુર વાગડ, દક્ષિણ, સુરત, દીવબંદર, વટપદ્ર, (વડોદરા) ભરૂચ, દમણ, વસઈ, ગણદેવી, ચેઉલી, કમોણી, કોલીહરો (કચ્છ) અને નવાનગર વિગેરેના સંઘો સામેલ થયા હતા. વિજયસેન સુરિ પાટણમાં પર્યુષણ પર્વ કરી વિજયહીર સુરિજીની તબીયત બગડતી હોવાને કારણે વીહાર કરવાની તૈયારીમાં હતા તે વખતે પત્ર મળ્યો કે ભાદરવા સુદી ૧૧ ના દિવસે રાતના ૭ ઘડી જતાં અનશન કરી, નવકાર મંત્રના ધ્યાનપૂર્વક સુરિજી સ્વર્ગે પધાર્યા છે.

આ વખતે ધર્મસાગર ઉપાધ્યાય સુરતમાં સ્થિરવાસ કરીને ચોમાસું રહ્યા હતા. વિજયસેન સુરિજીએ તેમને ખંભાત મોકલાવ્યા. ખંભાતમાં કેટલાક દીવસ વ્યતીત થયા તેમનું શરીર અશક્ત થયું એટલું નહી પણ તેમને મુત્રીકુચ્છનો રોગ પણ લાગુ પડયો. છેવટે આ રોગે આ મહાત્માના આયુષ્યનો અંત આણ્યો.

શ્રી ધર્મ સાગરજીને લબ્ધિસાગર નામના એક શિષ્ય હતા. વિજયસેન સુરિજીને અમદાવાદ વાંદવા આવ્યા લુ લાગવાથી તબીયત બગડી અને લબ્ધીસાગર દેવલોક પામ્યા. લોકો બહુજ દીલગીર થયા.

ધર્મસાગરના અનુયાયીઓ સુરતમાં કમકવિજય પન્યાસ હિરવિજયસુરિશ્વરના વચનોના પ્રરૂપણા કરતા હોવાને લીધે વાદ ઉઠાવ્યો. હિરવિજયસુરિજીના વચનોને ઉથાપી નાંખવામાં ઢીલ કરી નહી અને તે અનુયાયીમાં સુરો વ્હોરો મુખ્ય હતો. આખો સંઘ તેની હાજી હા કરતો હતો છતાં ગુરૂભક્ત મુનીઓ રીતસરના જવાબો આપતા છતાં કલેશ વધી પડયો. સુરિજીએ (વિજયસેનસુરિ) બન્ને પક્ષવાળાને શાન્ત થઈ જવા પત્ર લખ્યો અને એ પણ લખ્યું કે સાધુ શ્રાવકોએ અહીં વાંદવા માટે આવવું.

શ્રાવકોને શિખામણ આપી તેમજ કનકવિજયને કહ્યું કે શ્રાવકોથી શા માટે બોલીને દુઃખ ધારણ કરો છો.

કલ્યાણ વિજય ઉપાધ્યાયને સુરતમાં ચોમાસુ રહેવા માટે સુરિજી (વિજયસેનસુરિજી) તરફથી આજ્ઞા મળી. ઉપાધ્યાયના ઉપદેશથી શ્રાવકો પ્રતીબોધ પામવા લાગ્યા, આથી સાગર મતવાળાઓના મન વિચલીત થએલા અન્નના પંખીની માફક છાનાં રહી શક્યાં નહી. સાગરનો અનુયાયી સુરો વ્હોરો જહેમ તેમ બોલવા લાગ્યો.

જૈનો સમજો અત્યારે વિરશાસન કે રામસાગરના અનુયાયી જગતમાન્ય અહિંસા પરમો ધર્મનો પોતાની શક્તી પ્રમાણે ફેલાવો કરનાર ગાંધીજીને ગાળો ભાંડે તો ગભરાતા નહી, કારણકે સાગરનો અને તેના અનુયાયીનો સ્વભાવ સાગરની સદીથી બંધાતો વાડો વધારવાનોજ છે અને તેથી તેવા બંધાતા વાડામાં નહી પુરાતા અને તેહનું આત્મકલ્યાણ કરી હિન્દ દેશને સ્વતંત્ર બનાવવાં અને તેટલી શક્તી આપો.

વિજયસેનસૂરિએ નેમિસાગર અને ભક્તીસાગરને સંવત ૧૬૭૧ માં ગચ્છ બહાર કર્યા, ૧૬૭૨ માં જેઠ વદી ૧૧ ના ખંભાત પાસે અકબરપુરમાં સ્વર્ગવાસ થયો.

સાગર વિગેરેના વધુ પ્રપંચો હવે પછી સમય મળે જાહેરમાં બહાર પાડવામાં આવશે. (અપૂર્ણ)

# "સમાજ ઉદયનો રાજરસ્તો."

( લેખક:-સર્વદમન. )

આપણે ગયે વખતે શિક્ષણની જરૂરિઆત, માતાપિતાની ફરજો તથા સમકાલીન છાત્રાલયોની સાંપ્રત પ્રવૃત્તિ વિષે પ્રાથમિક વાત કરી. હવે તેની ઉંડી ચર્ચામાં જરા ઉતરીએ.

વર્ષો અગાઉ જ્યારે અત્યારની આકૃતિ શિક્ષણ પદ્ધતિનું નામ નિશાન નહતું, જ્યારે વિદ્યાને ખાતર મહા સમારંભો ન્હોતા અને જ્યારે આવજાવનાં આટલાં વિપુલ સાધનો ન હતાં, ત્યારે ગુરૂ અને શિષ્યો સૌ પર્ણકુટિઓમાં રહેતા. રંક અને રાય એ સૌને ગુરૂજી એકજ રીતે શિખવતા, અને આવી રીતે રાજા રાજ્યાધિકારીનાં ધર્મો સમજતો, પ્રજાગણ તેનો ધર્મ જાણતો. આમ ઇતિહાસ કહે છે. પરંતુ એ પુરાતન કાળ પુરો થતાં નવાં નવા સંજોગો ઉપસ્થિત થયા હશે અને નવી નવી યોજનાઓ થઇ હશે. ભણતર બહુ મોટા પ્રમાણમાં ન્હોતું લેવાતું પરંતુ લેવાતું તે આચરાતું. આર્ય પ્રજાનું સાહિત્ય આજકાલના જેવું સસ્તુંથી નહિં પરંતુ ચિરસ્થાઇ રહેશે તે વિષે કશો શક નથી.

કાશી વિ. ની પાઠશાળાઓ સિવાય પચાસેક વર્ષ અગાઉ લોકો ગામડી નિશાળે અભ્યાસ કરતા અને તે પણ જીવનની જરૂરિઆત પુરતુંજ અને આ કારણેજ તે વખતમાં કોઇ પદવીધર થતું તો સન્માન પામતું, પરંતુ અંગ્રેજોનાં આવ્યા પછી મેકોલેની પ્રેરણાથી જે શિક્ષણ યંત્ર ઉભું થયું તેનું બૃહદ્ સ્વરૂપ તે આજનાં ઠેરઠેર સ્થપાયેલાં વિદ્યાપીઠો. લોકો સ્વાર્થે કે બીન સ્વાર્થે કેળવણીની કિંમત સમજવા લાગ્યા અને નિજ સંતાનોને શિક્ષણ આપવા માટે કંઇક મશગુલ બન્યા. શહેરો સિવાય સારો અભ્યાસ અશક્ય હતો. આથી ઉદાર ગૃહસ્થો કોઇ કોઇ વિદ્યાર્થીને પોષવા લાગ્યા અથવા તો વિદ્યાર્થીઓ સંબંધીઓ બનાવી છુટક છુટક રહેવા લાગ્યા. આ બધી ભૂમિકાઓ બાદ આજનાં આપણા છાત્રાલયો સ્થપાયાં હોય એવું મારૂં મંતવ્ય છે.

માતાપિતાની છાયામાંથી પસાર થયા બાદ આજના વિદ્યાર્થીઓની મોટી સંખ્યા હોસ્ટેલો, બોર્ડીંગો અને છાત્રાલયોમાં પોતાનાં જીવનનો અમુક કળદ્રુપ ટુકડો વ્યતીત કરે છે. આ સમય દરમ્યાન જેવું ખાતર પામ્યું હોય, જેવું બીજ રોપાયું હોય અને જેવું ઉછેર પામ્યું હોય તેવુંજ તે વૃક્ષ કલ્યાણકારી નિવડે.

એટલે કે છાત્રાલયના વસવાટ દરમ્યાનનો વખત તે વિદ્યાર્થીનું ખરૂં જીવન ઘડે છે. જેવું તેવું શારિરીક, માનસિક, અને અન્ય વિષયક ચણતર તેવુંજ તેનું જીવન તેવીજ તેની ભાવના તેવાંજ તેનાં સઘળાંએ કૃત્યો. **આપણાં છાત્રાલયોને આપણે માણસો ઘડવાનું કાર્ય સોંપ્યું છે, માણસો યંત્રવત્ બનાવવાનું નહીં**. જાણકારો કહે છે કે હેરો અને ઇટનની શાળાઓએ ઓક્સનું પ્રીટિસ સામ્રાજ્ય રચ્યું છે, આ બે સરસ્વતી મંદિરોએ ઇંગ્લેંડને મહા મુત્સદીઓ, સૈનિકો અને લેખકોની સેના આપી છે. આપણાં છાત્રાલયો એવાં બને એમ આપણે સૌ ઇચ્છીએ; પરંતુ એવાં બનવા માટે સામગ્રી જોઇએ એ ભુલવાનું નથી.

છાત્રો માટે યોગ્ય રહેવાનું કયે સ્થળે અને કેવું એ પણ વિચારણીય પ્રશ્ન છે. આ પ્રશ્નનો ઉત્તર મતભેદપૂર્ણ હોઇ શકે. અત્રે આપણે આશ્રમ અને છાત્રાલય જુદી સંસ્થાઓ ગણીએ છીએ. છાત્રાલયોમાંથી આપણે સમાજને વ્યવહારૂ, કાર્યદક્ષ, અને જનતાની નાડ પારખી શકે એવા ગુણીજનો આપવાનાં છે. લાલાજીએ શિક્ષણ સંબંધી પુસ્તક લખ્યું છે તેમાં શિક્ષણ સંસ્થાઓનું ખરૂં સ્થાન નગરે વસ્તી છે તેમ તેઓ માને છે. તે વીરપુરૂષોનો અનુભવ ઉચ્ચારે છે કે આજના શિક્ષિતજનોને "વેદીયા ઢોર" ના ઉપમાનથી બચાવવો હોય અને સામાન્ય જન સમુદ્રમાં ભળી શકે તેવા સમાજસેવકો બનાવવા હોય તો તેમનું ઘડતર તે અનુરૂપજ થવું જોઇએ. આ સિવાય કેટલાક વિચારક બંધુઓ આવી સંસ્થાઓને ઘોંઘાટ અને ધમધમાટથી મુક્ત રાખવા નિર્જન સ્થળો સુચવે છે. ઉપર જણાવેલ બેઉ દલીલો કરતાં ત્રીજી દલીલ મારી સમજ શક્તિને વધારે અસર કરે છે અને હું માનું છું કે તેમાં વજુદ છે. આ દલીલ મુજબ શિક્ષણ સંસ્થા યાતો છાત્ર સંસ્થા નગરની અંદર શાંત જગાએ હોવી જોઇએ કે જેથી નિર્દેશ કરેલ બેઉ હેતુઓ સચવાય

આપણાં જૈન છાત્રાલયોનાં મકાનો માટે કવચિત્ કવચિત્ ટીકાઓ સાંભળવામાં આવે છે. **મુંડે મુંડે મતિર્ભિન્નમ્** તેમ આ બાબતમાં જુદા જુદા વિચારો દર્શાવાય. આજનાં સઘળાં છાત્રાલયો જોયાનો મારો દાવો નથીજ પરંતુ હું કંઇ અનુભવ જોવાનો અને સાંભળવાનો હોવાનો દાવો તો જરૂર કરૂં. આજે સંજોગવશાત્ ઝુંપડામાં છાત્રાલયો નહિંજ ચલાવી શકીએ. **આપણે ઉપાશ્રયો જેવાં રોનકદાર વિલાસ ભુવનોયે નથી જોઇતાં** પણ જ્યારે આપણી આદર્શ શિક્ષણ પદ્ધતિને પ્રાપ્ત નથી કરી શકયા ત્યાં સુધી મને કે કમને સ્વાર્થે કે પરમાર્થે હયાત છે તેનું કેટલીક રીતે અવલંબન લીધા વગર છુટકો નથી.

પૂર્વ અને પશ્ચિમનું જે શિક્ષણમાં મિશ્રણ હોય જ્યાં ચેતન અને જડ બન્નેની પ્રાથમિક પ્રયોગશાળા હોય, ત્યાં આજના વિદ્યાર્થીને છાત્રાલયસંચાલકો એક બાજુ વિશેષ ખેંચવા પ્રયત્ન કરે તો તે અખતરો સાચેજ નિષ્ફળ નીવડે તે નિ:શંક બીના છે. આજના વિદ્યાર્થીને આજના અભ્યાસ માટે પુરતાં સાધનો મળતાં હોય, શિક્ષણને અનુરૂપ વિદ્યાર્થીની રહેણી કહેણી ઘડાતી હોય, અને એ શિક્ષણ સમાજને લાભ કારી નિવડવા વકી હોય, તો તે શિક્ષણને, છાત્રસંસ્થા કે શિક્ષણ સંસ્થાના સંચાલકોને, છાત્રોને કે તે સૌ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારાઓને અવહેલવામાં અમુક, વ્યક્તિનો કે વ્યક્તિઓનો સ્વાર્થ રહેલ છે. તેમ કહેવામાં કશું ખોટું નથી.

# પ્રજામિત્રથી ભડકતું વિરશાસન.

## શુક્રવારીયું સ્ત્રીઓને ચરણે ?

ધર્મના નામે બુરખામાં રહી સ્ત્રીઓ પાસે માગેલી ભીક્ષા

## વિનયકાંન્ત ગાંધી માટે વિરશાસનનું ઉતરતું પાણી

"હીંદુસ્થાન પ્રજામીત્ર" માં જૈન જગતની ચર્ચા જ્યારથી વિનયકાંન્ત ગાંધીએ લખવી શરૂ કરી ત્યારથી વીરશાસન જેવા પત્રને દાઝ ચડી ચુકી છે. વિનયકાંન્તની ચર્ચાએ વીરશાસન અને તેના ગુરૂ રામવિજયના ઢુલા પાયાઓને કંપાવ્યા છે અને એ પીંઆરાઓમાં અત્યારથીજ સળસળાટી પેદા થઇ ચુકી છે. જૈનોમાં જે થોડાક મુલ્લાઓ આજે પોતાની બાદશાહી ચલાવવા આકાશ પાતાલ એક કરી રહ્યા છે તેઓ "પ્રજામીત્ર" ના પ્રકાશથી ભડકી દોડાદોડી કરવા મંડયા છે. એમને શિષ્યો માટેનો સૈનીક ભાગુ પડયો છે. અને તે પોષવા થોડાક અંધશ્રદ્ધાળુઓ બહાર પડયા છે તેઓ અંતે તો હારી બેસીજ જવાના છે.

ખરી વાત કહેવા જતા આધિળાનેજે પ્રકારનો રોષ થાય છે તેજ જાતનો આ વીરશાસનના તા. ૨૪–૪–૩૨ ના પૃષ્ટ ૪૮૭ પર વ્યક્ત કરેલો રોષ સ્પષ્ટ નજરે પડે છે. અત્યારથી શુક્રવાર્યું આકાશ, પાતાલ, સ્વર્ગની વાતો કરવા મંડી પડયું છે એજ બતાવે છે કે "પ્રજામીત્ર" ની અસર એ ગુલામી મનોદશાવાળા ઉપર કેટલી થઇ છે. પરમ પવિત્ર રામ (દશરથના પુત્ર) ના નામને આજે કલંક લગાડનાર જૈન સમાજમાં આ રામ દાનના અધિષ્ઠ ગજ્ઞુતાના કાર્યોથી જૈન કોમને શું શરમાવનારૂં નથી લાગતું ?

પ્રજામીત્રની કીંમત કરવા જતાં પોતાની કિંમત શું છે તેનો ખ્યાલ કર્યો છે ? ઘરમાં બેસી બરાડા નાંખ્યા કરતા જૈન અને જૈનેતરોમા તમારી કિંમત કેટલી અંકાય છે તેનો ખ્યાલ કર્યો પહેલા બીજાઓને કાંઇ કહેવા જવું તે ધર્મ આ શુક્રવારીયાનો છે. વિનયકાન્ત ગાંધીની કલમથી જે અંગત આક્ષેપો કરવા નીકળે તેજ બતાવે છે કે આ વીરશાસન વીરના નામને કલંકરૂપ છે. પણ જ્યાં આ રામટોળીને સત્યાસત્યનો તપાસ કર્યા વગર હુંપદના આધારે ધર્માધિને વાત પલટાવી નીતી રીતી વિરૂદ્ધ આચરણ કરી પોતાનો હઠો જમાવવા અભ્યાસ ચાલુ હોય ત્યાં અંગત ટીકા સીવાય બીજું શું હોય ? વિનયકાંન્ત ગાંધીની ટુંક સમયની કલમથી વીરશાસનનું પાણી ઉતરેલું દેખાય છે. નહીતર વહેવારીક દ્રષ્ટીના જવાબ આપવા છોડી અંગત આક્ષેપો ઉપર ઉતરી પડે છે તેજ બતાવે છે કે જવાબ આપવાની શક્તિ ન હોવાથી આડી વાતો કરી પોતાનું ઉતરતું પાણી છુપાવવા અખતરા કરે છે, એ કયાં સુધી ટકી શકશે એ વાચનારાઓએ વીચારી લેવા જેવું છે.

વધારે આશ્ચર્યજનક તો એ છે કે વીરશાસન અત્યાર સુધી કયાં એ ન ફાવતા સ્ત્રીઓ તરફ દોડી જઇ પોતાનો દંભ શાસન સેવા માટે (નારી) જાત જેવી જાત પાસે નાણાંની ભીક્ષા માગે છે કે (એકેક સાડી પરંતુ મમત્વ જૈન સ્ત્રીઓ ઓછું કરે. અને બચત રકમ શાસન સેવામાં સમર્પે.) તો લાખો રૂપીઆનું ફન્ડ થાય. આવી હલકટ મનોદશા હવે વીરશાસનની આવી પડી લાગે છે કારણકે રામટોળીના ભક્તો કે મુંબાઇવાસીઓ હવે રામપાર્ટીની બાજી સમજી જવાથી કોઇ ફન્ડમાં નાણાં ભરતું નથી એટલે છેવટે (સ્ત્રીઓ) પાસે ભીક્ષા માગવાનો વખત આવ્યો. તેજ બતાવે છે કે ધર્મ નામે ઢોંગ હવે કયા સુધી નભી શકશે ? સાંભળવા મુજબ કહેવાય છે કે રામપાર્ટી અમદાવાદ અને તેની આસપાસ ગામોમાં એવી શોધ કરી રહ્યા છે કે ઠીંડીશંક બાઇઓ માલદાર હોય તો તેને દીક્ષાઓ આપી તે રકમો પોતાના ફન્ડોમાં જમા કરવા માટે તાલાવેલી કરી રહ્યા છે તે શું સાચુ છે.

વળી મોટા મોટા શહેરોમાંથી રામપાર્ટીને ફન્ડ નહી મળતું હોવાથી તેના શુક્રવારયામાં લખ્યું છે કે હવે ગામડાવાળાઓ શાસન સેવાની ધગશ ખાતર પોતાની ઉદારતા દર્શાવે તો શાસનની સેવા થાય તે ઉપરથી સ્પષ્ટ હવે થાય છે કે તેના ભક્તો પણ પૈસા આપીઆપી કંટાળ્યા એટલે છેવટે સ્ત્રીઓ પાસે અને ગામડા તરફ દ્રષ્ટી વળી છે તેથી માનવાને કારણ મળે છે કે કહેવાતા શાસનભક્તો હવે પારકા પૈસે સોસાયટી બાઇને જીવતી રાખવા મંથન કરી રહ્યા છે. પણ હવે જાગેલા જમાનામાં પોલંપોલ કે દીક્ષાને નામે દોડાદોડી કયા સુધી ટકાવી શકે છે તે જોવાનું રહે છે.

આજકાલ સંખ્યાબંધ સાધુઓ અને સાધ્વીઓ વેશ છોડી સંસારી બનતા જાય છે તેજ બતાવે છે કે અયોગ્ય દીક્ષાના આ ભયંકર પરીણામો છે.

હજુપણ અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ ચેતે તો સારૂ નહીતર જૈનધર્મ ઉપર મોટી આફત આવી પડશે તેમ અનુમાન થાય છે અને આથી કરી જૈનેતરોમાં જૈનધર્મની હાંસી થશે તેટલા ખાતર છુપી કે ભગાડીને દીક્ષા આપવાનું કે કોર્ટે ચઢવાનું ન થાય તેમ કરવા પ્રબંધ થાય તો જૈનધર્મની મહત્વા રહે.

આજકાલ જ્યાં જોઇએ ત્યાં દીક્ષાના કોર્ટે ચડેલા કેસ, અગર નાસી ભગાડી આપેલી દીક્ષા અને દીક્ષા લીધેલ થયેલા સંસારીઓનીજ વાતો કાને અથડાય છે તેથી કરી જૈનેતરોમાં મશ્કરીઓ થઇ રહી છે તેમાંથી પ્રભુ બચે અને બચાવે તેજ પ્રાર્થના છે. "જૈન"

તા. સમાચાર

## એક વધુ સાધુ સંસારી બન્યા.

ગીરધરલાલ બેટધા પાટણના જેઓએ આનંદ સાગર પાસે દીક્ષા લીધી હતી તેઓ સાધુ જીવનથી સહાથી કંટાળી કપડા પહેરી ગયા શનિવારે મુંબાઇ આવી પોહોંચ્યા છે.

હતો. પ્રસંગોપાત અમારે વાતચીત તો ચાલુજ હતી. પરંતુ દરમીઆન આ ભાઇ પેલા છોકરાને વારંવાર "હાથ બ્હાર કાઢતો નહીં ઉંચો કેમ થાય છે ? સરખો બેસને" એ પ્રમાણે ધમકાવતા હતા. વાસ્તવિક રીતે પેલો છોકરો તો બીચારો શાંતીથી બેઠોજ હતો ફક્ત તેનાથી સળીઆ ઉપર જરા હાથ મુકાઇ જવાતો હતો, પણ તેમાં પણ આ ભાઇને જોખમ લાગતું હતું. વાચક જાણતાજ હશે કે જી. આઇ. પી. રેલ્વેમાં બારીમાં ત્રણ ચાર સળીઆ એવી રીતે નાંખેલા હોય છે કે ભાગ્યેજ કોઇપણ જાતના અકસ્માત થાય. એતો આપણામાંના કેટલાકની મનોવૃત્તિનો આ નમુનો છે. જ્યાં સાધારણ સમજુ માણસને જરાપણ ભય હોય નહીં ત્યાં આપણા કેટલાક નમાલા લોકોને ભયંકર આફતો દેખાય છે. હિંદુસ્તાનનું સ્વરાજ્ય અટકાવી રાખવામાં બ્રિટીશ મુત્સદીઓ કરતા આપણી નિર્માલ્ય પ્રજાજ વધુ કારણભુત છે. પરંતુ વાંચનાર હતાશ થઇશ નહીં આવા માણસોનો સમુદાય ઘણો ઓછો થતો આવે છે પ્રમાણ વીષે છેલ્લા બાર મહિનાના બનાવો તાજ્જુબ છે.

ઉપરની બીના લખતા બીજી આવીજ પ્રાસંગિક બીના યાદ આવે છે. કડવો વૈદ્ય જ્યારે થોડા વર્ષ પહેલા ક્રિકેટ રમવાનો શોખ ધરાવતો હતો ત્યારે કેટલાક સુરતી મિત્રોને ક્રિકેટ મેચ અથવા 'પાર્ટી' માટે બપોર પછીના ટાઇમે આમંત્રણ આપતો ત્યારે જવાબ મળતો કે અમારાથી બપોરના નહી અવાય "અમે તો કાળા પડી જઇએ." આટલું છતાં તે ગૃહસ્થો પોતાના કિમતી શરીરના જોખમે પણ (સવારના) ક્રિકેટ રમતા તેના માટે તેમને અભિનંદન તો જરૂર ઘટે છેજ. કોઇ સુરતી ભાઇઓને આ ટીકા કડવી નજ લાગે. હું મિત્રભાવે ટીકા કરૂં છું.

થોડાક દીવસ પહેલાં વિલેપારલેમાં મહાત્માજીને માનપત્ર આપવા ઉપનગર સત્યાગ્રહ છાવણી તરફથી જે સુંદર કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો તે પ્રસંગ યાદ આવે છે. તે દિવસના સ્મરણો બહુ મીઠા છે. ત્યાંના કાર્યકર્તાઓએ માનપત્ર માટે સભાની જે યોજના કરી હતી તે ખરેખર પ્રશંસનીય હતી વૃક્ષોની છાયા નીચે હજારો માણસની મેદની છતાં કેવી શાંતિ-આસોપાલવ અને મોગરાનાં કુસુમોથી રચેલો મહાત્માજી માટે મંડપ-સવારનો વખત-ઉપવન જેવું સ્થાન-બધે સુરભી અને સુરભીજ-વળી તેમાં પુજ્ય ગાંધીજીની હાજરી એટલે વાતાવરણ એટલું નૈસર્ગિક હતું કે જાણે સોનું અને સુગંધ મળ્યાં હોય. ભાષણનો વિષય ગંભીર હતો. ગાંધી પ્રવીન સમજુતી વાપે તેમણે પોતાની લાક્ષણિક સરલ ભાષામાં જે પ્રવચન કર્યું તે એટલું અસરકારક હતું કે પ્રખર રાજનીતીજ્ઞ અને સાક્ષરથી માંડી બાળક સુધી દરેક વ્યક્તિને સરખો રસ પડે. તે વખતે એક મુદ્દા ઉપર ગાંધીજીએ ખાસ ભાર મુક્યો હતો તે વાત યાદ આવે છે. સ્વામી આનંદે પોતાના વૃતાન્તમાં પ્રથમ જણાવ્યું હતું કે ઉપનગરની સ્ત્રીઓએ રાષ્ટ્રીય યજ્ઞમાં ઘણો પ્રશંસનીય ફાળો આપ્યો હતો. પરંતુ હજુ તેમનામાંના ઘણા વિદેશી વસ્ત્રનો સાત્વિક મોહ છોડી શકયા નથી. મહાત્માજીએ એ વીષય ઉપર ભારપુર્વક ઘટતું કહ્યું અને તે વખતે મનમાં એમ થઇ આવ્યું કે જે ત્રુટી ઉપનગરની સ્ત્રીઓમાં છે તે ત્રુટી ખાસ કરી આપણા જૈન સ્ત્રીવર્ગમાં ઘણા વધારે પ્રમાણમાં છે. જૈન પુરૂષવર્ગે પણ આ પ્રશ્ન સંતોષકારક રીતે પોતાનો કરી લીધો નથી. આથી બાબતોમાં પરખાંડના લોકો કેવી રીતે કામ લે છે તે બાબતમાં એક બે પ્રાસંગિક બીના યાદ આવે છે તે અહીં ટાંકીશ.

જ્યારે આપણી છેલ્લી લડત ચાલુ થઇ તે વખતે પરખાંડમાં લેંકેશાયરના કાપડના ઉદ્યોગને પહેલેથી થોડો ઘણો ધકો તો લાગેલોજ હતો. બેકારીનો પ્રશ્ન તેમને મુંઝવી રહ્યો હતો. આવા સંજોગોમાં અંગ્રેજોએ તે પ્રશ્નને રાષ્ટ્રીય પ્રશ્ન કરી લીધો અને અંગ્રેજ સ્ત્રીઓએ સખ્ત પ્રચાર કાર્ય આદર્યું. તેઓએ બને તેટલા અંગ્રેજો પાસેથી પ્રતિજ્ઞાપત્રો ઉપર સહી લીધી કે બ્રીટીશ કાપડ સિવાય કોઇપણ કાપડ ખરીદ કરવું નહીં. દુનીઆના સમર્થમાં સમર્થ સામ્રાજ્યે પોતાની થોડી બેકારીના પ્રશ્નને ઉકેલવા માટે આવા સખ્ત પગલાં લીધા તો જે દેશ પરાધીનતાની બેડીમાં જકડાયો છે અને જેના પ્રજાજનોનો મોટો ભાગ ભુખમરા જેવી સ્થિતિમાં મરવાના દુઃખે જીવી રહ્યો છે તેઓએ શું કરવું જોઇએ. પણ આ કરતા બીજી એક બીનાએ મને વધારે અજાયબીમાં ગરકાવ કરી મુકયો. થોડાક દીવસ પહેલાજ એક અંગ્રેજ પેઢીનો કાગળ મારા હાથમાં આવ્યો હતો જેમાં તે પેઢીએ letter heads (છાપેલા નામના કાગળો) માં કાગળને બદલે કાપડ વાપર્યું હતું !! છેક નીચે લખ્યું હતું "By using this we are doing our bit to support the Lancashire Industry" (આ રીતે કાગળને ઠેકાણે કાપડ વાપરી અમે લેંકેશાયરના ઉદ્યોગને ફુલ નહીં તો ફુલની પાંખડી ન્યાયે યત્કિંચિત મદદ કરીએ છીએ). આપણા હીંદીઓ (અગે જૈનોને અનુલક્ષી લખાએલું છે એટલે જૈનો) હવે પરદેશી વસ્ત્રનો મોહ સર્વથા ત્યાગ કરશે ? આપણામાં આ પ્રવૃત્તિ સર્વવ્યાપિ કરવાને માટે આપણા સાધુઓએ પણ આ પ્રશ્ન ઉપાડી લેવો જોઇએ. દીલગીરીની વાત છે કે ઘણા સાધુઓને આ પ્રશ્ન હજુ ગળે ઉતર્યો નથી અને "અમે તો ધર્મ શીખવવાની બાબતમાં વચ્ચે પડી શકીએ નહીં" એમ કહી ખોટો બચાવ કરે છે. વાસ્તવિક રીતે આ ધર્મ નથી એમ કોણ કહી શકે ? પરદેશી કાપડ ખરીદ કરીને તો આપણાજ ઘરના માણસો જે રોટલો મજુરીથી પેદા કરે છે તેમનો રોટલો ખુંચવી લેવા જેવો પ્રયત્ન કહેવાય અને એવો કોણ મુઢ હશે કે આ ધર્મનો વિષય નથી એમ મિથ્યા બચાવ કરે. કોઇ ધર્મનો પ્રશ્ન જો રાષ્ટ્રે રાજ્યનીતિમાં પણ સ્વીકાર્યો હોય એટલે તે ધાર્મિક પ્રશ્ન મટી જાય છે તે છતાંએ આપણો સમસ્ત સાધુવર્ગ છેવટે પોતાના અંગત ઉપયોગને માટે પણ એટલી પ્રતિજ્ઞા લેશે કે નહીં કે ખાદી અથવા દેશી કાપડ સિવાય બીજુ કોઇપણ વહોરીશું નહીં ?

આ પત્રિકા અંબાલાલ આર પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચકલાવાળા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. | સંવત ૧૯૮૭ ના જેઠ સુદ ૧ | છુટક-નકલ : |
| અંક ૨૦ મો. | તા૦ ૧૮-૫-૩૧ | ોા આનો. |

## ગોડીજી દેરાસરના ટ્રસ્ટીઓનો જવાબ.

મુંબઈ તા. ૧૧ મી માર્ચ ૧૯૩૧.

[illegible] એન. સી. દલાલ એન્ડ કંપની જોગ,

[illegible] ઝવેરી એસ. મંછુભાઈ રાયચંદ અને બીજાઓના [illegible] સાહેબો.

[illegible] મહીનાની તા. ૨૬ મીના કાગલના જવાબમાં [illegible] મેસર્સ મોહનલાલ હેમચંદ, નેમચંદ [illegible] તલકચંદ. કસ્તુરચંદ નાનચંદ, મોતીચંદ જી. [illegible] નાહાલચંદ અને મણીલાલ મોતીલાલ તરફથી અમુને [illegible] નીચે પ્રમાણે જવાબ આપવાની સુચના મલેલી છે.

[illegible] કહો છો કે આપણી ચેરીટીનું ફંડ (૧૫૦) એકસો [illegible] પહેલાં સ્થપાયેલુ છે અને તેનું ટરસ્ટડીડ થયું નથી [illegible]

અમો [illegible] ઉભું થયું ત્યારે [illegible] વીચાર [illegible] આવી ચેરીટીનું [illegible] ડીડ પ્રમાણે [illegible] અત્યાર સુધીની ચેરીટીનું કામ ટરસ્ટ [illegible] અને તેનો હીસાબ બરાબર રાખેલો છે અને જે પૈસાનું રોકાણ સ્થાવર મીલકતમાં અથવા સીકયુરીટીઝ અથવા સોનું અને ચાંદીમાં અથવા બેંકમાં ડીપોઝીટ તરીકે વાપરેલા છે અને તેનો હીસાબ દરેક સાલ વિજ્યદેવસુર સંઘની સભા વખતે છાપીને બહાર પાડેલો છે.

અમે વધુમાં જણાવીએ છીએ કે અમારા અસીલો એક એવો ચોકસ ખરડો ઘડવાના વીચારમાં છે કે જેથી કરીને આ બધું કાયદેસર છે તેવું પુરવાર થઈ શકે.

અમે વધુમાં જણાવીએ છીએ કે બોર્ડ ઑફ ટરસ્ટીઝ અને આખી સભાની મીટીંગનું પરીણામ અમે બરાબર રાખેલ છે અમોને ટરસ્ટડીડ કરવાની જરૂરીઆત લાગતી નથી પણ ઉપર જણાવ્યા પ્રમાણે અમે એક ખરડો ઘડવા માંગીએ છીએ કે જેથી કરીને આ બધું ટરસ્ટડીડ પ્રમાણે છે એવું કહી શકાય તેથી તમે જોશો કે એવું ટરસ્ટડીડ કરવાની ખાસ જરૂરીઆત નથી.

હીસાબ છાપવાની બાબતમાં તમે જે કહો છો તે છપાવીને બહાર પાડવામાં આવ્યા નથી તે વાત ખરી છે પણ ચોકસ હીસાબ અમોએ રાખેલા છે અને તે દરેક સાલની સભા આગળ રજુ કરેલા છે અને કોઈપણ પરોપકારી માણસના પુછેલા સવાલનો જવાબ સંતોષકારક રીતે આપેલા છે અને આજ સુધીમાં અમારી પ્રમાણીકતા માટે કોઈએ વાંધો ઉઠાવ્યો નથી.

તમે લખો છો કે સભાના મેમ્બરોને તપાસ કરવાની કે સવાલ પુછવાની સભાની મીટીંગમાં તક મળતી નથી તેની સાથે અમો મળતા નથી.

અમારા અસીલોને કોઈ પણ જાતની ફરીયાદ આ બાબતમાં થઈ નથી અમારા અસીલોને છાપેલા હીસાબ બહાર પાડવામાં કોઈ પણ જાતની ભલામણ જનરલ મીટીંગ દરમ્યાન કરવામાં આવે તો કોઈ જાતનો વાંધો નથી. તમે જે ફરીયાદ કરો છો કે મારા અસીલો મેનેજમેન્ટ કરવામાં પોતાની ફરજો બરાબર બજાવી નથી તે અમો સ્વીકારતા નથી.

અમે પુછીએ છીએ કે અમારા અસીલે કયાં આગળ તેમની ફરજમાં ભુલ કરેલી છે તે તમારા કાગળમાં ચોકસ રીતે જણાવેલુ નથી તેથી તમે જે આક્ષેપ મુકેલો છે તેનો અમે ઇનકાર કરીએ છીએ.

તમો જણાવો છો કે અમારા અસીલોએ પન્યાસ રામવિજયજીના ચેલાઓને ધરમાદાની જગ્યામાં રહેવાની છુટ આપી છે તે વાત ખોટી છે. તપાસ કરતાં અમને માલમ પડયું છે કે બોર્ડ ઑફ ટ્રસ્ટીએ અથવા કોઈ પણ એક ટ્રસ્ટીએ આ ચેલાઓને રહેવા માટે રજા આપી નથી અને તમારી ખબર ખોટી છે.

અમારા ટ્રસ્ટીઓનો એક ટ્રસ્ટી મુંબઈની બહાર છે અને તેના તરફથી અમોને કોઈ જાતના સમાચાર મલેલા નથી પણ [illegible] કોઈ જાતની જોખમદારી [illegible] હી.

વધુમાં [illegible] કે આવો કોઈપણ જાતનો [illegible] કરવામાં આવ્યો નથી. જુદી જુદી પારટી તરફથી સામાસામી અરજીઓ અમને મળી છે તેની અમે નોંધ લીધેલી છે અને બોર્ડ ઑફ ટ્રસ્ટી તરીકે અમે કોઈ પણ પક્ષ તરફ અમારી વલણ બતાવી નથી અને અમો આશા રાખીએ છીએ કે તમારા અસીલને આટલા ખુલાસાથી બોર્ડના વલણની બાબતમાં સંતોષ થશે.

તમો જણાવો છો કે બોર્ડની અંદર એક નાદાર ટ્રસ્ટીને રાખવામાં આવ્યા છે તે બાબતમાં અમો તમને જણાવી છીએ કે તે ટ્રસ્ટીએ તેની જગ્યા ઉપરથી નાદાર થયા પહેલા રાજીનામું આપેલુ છે અને તેને છુટકારો મલ્યા પછી પાછા ટ્રસ્ટી તરીકે રાખેલા છે અને એક માણસ નાદાર થઈ જાય એટલે તેની ટ્રસ્ટી તરીકેની લાયકાત હમેશને માટે જતી રહેતી નથી.

અમારા ઉપર કાયદેસર કામ ચલાવવાના તમારા પત્રના જવાબમાં અમારા અસીલો જણાવે છે કે કોઈપણ જાતનો શાન્તીનો ભંગ થવાનો વખત તે લોકો આવવા દેશે નહીં, અને ટરસ્ટીઓ તરીકે અને જૈન તરીકે આવો કોઈપણ જાતનો તોફાન અટકાવવા માટે પુરતી ફરજ બજાવતી રહેલા છે અને બધાને સંતોષકારક રીતે નીવેડો આવે તે માટે પ્રયત્ન કરી રહેલા છે.

અમારા અસીલોના ટ્રસ્ટપણા માટે આ બાબતની અંદર કોઈપણ જાતનો વાંધો ઉઠાવી શકાય તેમ નથી તે છતાં જો તમારા અસીલ કોઈપણ જાતના વધુ પગલાં લેવા માગતા હોય અથવા આ બાબત એડવોકેટ જનરલના હાથમાં મુકવા માગતા હોય તો તમો તેમને આ કાગળ વાંચી સંભળાવજો અને જે આક્ષેપો તેમના કાગળમાં કરેલાં છે તેનો ખુલાશો કરવાની અમને તક મલે અમારા અસીલો એડવોકેટ જનરલની આગળ બધી બીના રજુ કરવા માટે ઘણા ખુશી છે.

તમારા વિશ્વાસુ
મોતીચંદ એન્ડ દેવીદાસ.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.


## એક નવા પત્રકારને મિત્રભાવે બે બોલ

ગત ચૈત્રી પુર્ણિમાના દિવસથી જૈન પત્રોમાં એકનો વધારો થયો છે. તે પત્રનું નામ શ્રી જૈન યુવક મંડળ પત્રિકા. આ એક માસિક રૂપે એક વર્ષ પહેલાં સ્થપાયેલી શ્રી મુંબઈ જૈન યુવક મંડળ નામની સંસ્થાના આશ્રય નીચે પ્રગટ થાય છે. તેનો ઉદ્દેશ જૈન શાસનની તેમજ તીર્થોની બની શકે તેટલી સેવા બજાવવાને અને સાથે સાથે જૈન સમાજની ઉન્નતિ માટે ઉપાયો સુચવવાનો રહેશે, તેમજ વળી જ્યાં જ્યાં અનુકુળતા જણાય ત્યાં ત્યાં જૈનોમાં ભ્રાતૃભાવ વધારવાની કોશીષ કરવામાં આવશે. આ પ્રમાણે ઉક્ત પત્રિકાના પહેલા અંકમાં તંત્રીઓના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે. બે અંક જોયાં પછીજ તત્સંબંધિ અમારૂં વકતવ્ય બહાર પડવું એવી ઇચ્છાથી અમે આજ સુધી મૌન સેવ્યું હતું. બે અંકના અગ્રલેખો નોંધો અને લેખો તપાસતાં એમ હૃદયપૂર્વક કહેવું પડે છે. કે તંત્રી તેમનાં કાર્યમાં ઇરાદાપૂર્વક નિષ્ફળ નીવડયા છે. આ પત્ર જાણે કે 'વીર શાસન'ની પૂર્તિરૂપે હોય તેવારીતે ધર્માન્ધ મુરબ્બીઓ અને રૂઢિચુસ્ત બંધબેસાડણીઓની પ્રેરણાથીજ ચાલી રહયું છે. જૈન શાસન કે તીર્થોની સેવાનો કે જૈન સમાજની ઉન્નતિના ઉપાયો સુચવવાનો ઉદ્દેશ તંત્રીના વકતવ્યમાંજ રહયો છે. કોઇપણ સ્થાને રચનાત્મક કાર્ય પ્રણાલી દષ્ટિ ગોચર થતી નથી. સ્થળે સ્થળે ખંડનાત્મક પદ્ધતિએજ દરેક બાબતની છણાવટ થતી જોવામાં આવે છે. અને ભ્રાતૃભાવ વધારવાની કોશીષ કરવાને બદલે સમાજમાં આજકાલ દેખાતાં પક્ષાપક્ષીના વાદળોને વધારે ઘટ્ટ કરવાને અને ગાળી પ્રદાન-નિન્દા ઇત્યાદિદ્વારા સમાજમાં આંતરકલેહની હોળીને જોરા આપવામાં સાધનભુત બને એમ જણાઇ રહયું છે. તંત્રીને વીસમી સદી તેણે લાવેલી અજબ જાગૃતી અને તેમાં થઇ રહેલાં યુવકોનાં પ્રેરણાત્મક કાર્યો માટે માન છે. છતાં કોણ જાણે નોંધો અને ચર્ચાઓમાં અને લેખ સામગ્રી જોતાં યુવકોને દફનાવી દેવા સાચા સંયમધર્મી અને સમયધર્મી શ્રાવકો અને સાધુઓને ગાળો ભાંડવા રૂઢિચુસ્તોની જડ રૂઢિઓને અપનાવવા જૈન કોન્ફરન્સ વીરૂદ્ધ વંગમેન્સ સોસાયટીને સાથ આપવા રામ-સાગરટોળીની અયોગ્ય દીક્ષા પ્રવૃત્તીને ઉત્તેજવા તેમજ જૈન પત્રોનો, નવજુવાનોનો અને કેળવાયલાઓનો વીરોધ કરવા એ પત્રનો જન્મ થયો હોય એમ સ્પષ્ટ દેખાય છે. અને સાંભળવા પ્રમાણે 'વીરશાસન' સંસ્થામાં વંચાયા બાદજ પ્રગટ થાય છે.

આ પત્રના તંત્રી ભાઇ પનાચંદ રૂપચંદ ઝવેરી સુરતના ખાનદાન કુટુમ્બના નબીરા છે. તેઓ ઉછરતા યુવાન છે. શાળાના અભ્યાસને તાજેતરમાં છોડી યુવાનીમાં દાખલ થતા યુવક છે. એમને જ્ઞાન કેળવણી તેમજ નવા યુગની સંસ્કૃતી મળી છે. છતાં કોણ જાણે તેમની કાચી ઉમ્મરને લીધે અન્ય પ્રકારની સંગતી મળવાથી કે અપરીપકવ અનુભવને લીધે તેઓ પોતાની સર્જક બુદ્ધીનો ઉપયોગ કરવાને બદલે બીજાઓથી દોરવાઇ રહયાં છે. હજી તેમને દુનીયાનો અનુભવ લેવાનો છે, અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓ પાસેથી ઘણું ઘણું શીખવાનું છે. તેના ઉપર સ્વતંત્ર વીચાર ચલાવવાનો છે. અને ત્યાર પછીજ નીર્ણયો બાંધી જાહેરમાં અભીપ્રાયો દર્શાવવાના છે. તેને બદલે આ પ્રમાણે હવખતે મતી વીભ્રમ નીપજે એ ઘણુ ખેદની બીના છે. આશા છે કે ઉક્ત પત્રના તંત્રીશ્રી અન્યના હસ્તમાં રમકડું બનવાને બદલે પોતાની સ્વતંત્ર વીચારણાના બળે આવુ ગાળી પ્રદાન, કલહ અને પક્ષાપક્ષીના પ્રશ્નોની ચર્ચાને બદલે કાંઇક ઉન્નતિસાધક રચનાત્મક અમલી કાર્ય કરી સમાજની સાચી સેવા બજાવે ? તોજ મીત્ર ભાવે લખાયલા આ બોલ કાંઇક સાર્થક છે ! "હયવદન"

---

## વીરશાસનની શાસનનીતિ.

વીરશાસન પત્રની કુટીલતા અને અધમતા દીનપ્રતીદીન વધતીજ જાય છે એમ એ પત્ર જોવાથી અને વાંચવાથી સાફ દેખાઇ આવે છે. પત્રકાર એમ માનતા હશે કે આનું નામ વીર છે તેથી દરેક વીર ભકતો આને હાથમાં લે છે. સત્કાર કરે છે. આ મીથ્યાભાવના પત્રના ઉત્પાદકના ભેજામાં આવતી હોય તો સર્વથા કાઢી નાંખે. એ વીર શબ્દની માયા જાળમાં કોઇ ફસાય તેમ નથી કારણ કે પ્રભુ વીરના નામનું આ પત્ર નથી પરંતુ વીર વીજયજીના નામનું આ પત્ર છે એમ સહુ કોઇને જ્ઞાન થઇ ગયું છે. એ સંબંધી વધુ લખવું યોગ્ય નથી છતાં પણ આટલું તો નીઃસંશય જણાવી દેવું જોઇએ છે કે આજ પત્રના અંક ૩૨ માં એક મુસલમાનના મોઢેથી પોતાની તારીફ કરાવી, (બીજો કોઇ વાહ વાહ કરનાર કે સ્તુતી કરનાર ભાટ ચારણ ન મળ્યો હાથમાં ન આવ્યો અને ચારે બાજુથી સમજુ વર્ગના તરફના ધીક્કાર અને ધીક્કાર છુટયા ત્યારે શું કરે મુસલમાનભાઇ પાસેથીજ તારીફ કરાવેને ?) એજ ભાઇ જણાવે છે કે પત્રના ઉત્પાદક (સમાજમાંથી હડધુત થએલા અને કોર્ટે ચડેલા, આખી સાધુ સમાજને કલંકીત કરનાર) રામવીજયે વીરશાસન પત્ર કાઢવું શરૂ કર્યું છે. એમ ૩૨ માં અંકથી સ્પષ્ટ સહુ જાણી શકે તેમ છે. એ ભાઇના જાહેરાતજ આપણને કહી રહયા છે કે પત્રના ઉત્પાદક રામવીજય છે આટલા દીવસ સુધી અમુક કોઇ જણાવતા હતા કે એમાં સાધુનો હાથ નથી પણ શું કરે જેવું બન્યું તેવોજ એકરાર નીકળેને? એ કહેવત અનુસારે પત્રના ઉત્પાદક સીદ્ધ થઇ જાય છે. આ ઉપરથી વાચક વર્ગ સમજી લેશે કે શાસનમાં જેટલું લખાણ આવે છે તે દંડાચાર્યજી લખી-લખાવી રહયા છે. એમ આપણે પણ ચોકકસ માની લેવા મુસલમાન ભાઇના શબ્દો પુરતા થઇ પડે છે.

જયારથી વીરશાસન પત્ર સમાજમાં પ્રગટ થયું છે. ત્યારથી લગાવીને આજ પર્યન્ત પુજ્યપાદ અખીલ જૈન સમાજમાં પરમ માનનીય આચાર્ય શ્રી વીજયવલ્લભ સુરીશ્વરજી મહારાજના ઉપર ખોટા, તરકટી બીનપાયાદાર, વજુદ વગરના જુઠા આક્ષેપો અને એક ગૃહસ્થને ન છાજે તેવા અરે ગૃહસ્થના મોંમાંથી પણ ન નીકળી શકે તેવા શબ્દો એ

જુઓ પાનું ૫

# જૈનો વાંચો અને ચેતો.

[ઐતિહાસીક રાસ સંગ્રહ (વિજય તિલકસુરિ રાસ) ઉપરથી તારણ કાઢનાર: એક જૈન.]

ગતાંકથી ચાલુ.

જૈન બંધુઓ અત્યારે યંગમેન જૈન સોસાયટીએ રામ સાગર વીગેરે સાધુઓને સાથે રાખીને આગમ નામની દુકાન ખોલી નવો ગચ્છ સ્થાપવો છે માટે ભડકશો નહી કારણ કે ઉંદના શરીરમાં સીધુ અંગ દેખાય છે. પાહું;-ઈ ગચ્છ નાયક વિજયસેનસુરિએ એક દષ્ટાંત આપેલું છે. કે:-છ સાત પોસ્તીઓ (અફીણના ડેકા પીવાવાળા) એકઠા થઈને આપસમાં વાતો કરવા લાગ્યા. એકે કહ્યું:-પાણીમાં આગ લાગે તો માછલી નાસીને ક્યાં જાય ?

બીજાએ કહ્યું કે:-નાસીને આકાશમાં જાય અને પછી જ્યારે આગ ઓલવાઇ જાય, ત્યારે પાણી પાસે આવે.

વળી એકે કહ્યું કે:-જમીન ઉપર આગ લાગે ત્યારે ભેંસો ઝાડ ઉપર ચઢી જાય અને બીજા પશુ ચઢી જાય ત્યારે એ એમાં વિશેષ શું ?

જેવી રીતે ઉપરની વાતો સાચી નથી, તેવી રીતે સાગરના બોલવામાં પણ લગારે સત્યતા નથી તેમ ગચ્છનાયક વિજય સેનસુરિએ સતારમી સદીમાં કહ્યું હતું તેમ હે જૈન બંધુઓ, અત્યારે સાગરો અને રામવિજયો તમોને હાડકા નામાભામાં રહેનારો કહે યંગમેન જૈન સોસાયટીમાં મતુ મારી આપે તેજ શાસન પ્રેમી અને બીજા અધર્મી-મીથ્યાત્વી કહે તો ગભરાતા નહી-મુંઝાતા નહી કારણકે સતારમી સદીમાં ગચ્છનાયક વિજયસેનસુરિના રાજ્યમાં ભક્તિસાગર નિજ સમકિત નિજ સમકિત કહી પોકારતા હતા પણ જ્યારે ગચ્છનાયકે એકજ સંઘાડામાં બે સમકીત કર્યાં છે. તેનો ખુલાસો માગ્યો ત્યારે સમજાવી શક્યા નહી. વિજયસેનસુરિએ ૧૬૭૧ માં ઘણા કારણોને લીધે નેમીસાગરને અને ભક્તિસાગરને ગચ્છ બહાર કર્યાં. ૧૬૭૨ માં જેઠ વદી ૧૧ ના ખંભાત પાસે અકબરપુરમાં વિજયસેનસુરિ સ્વર્ગવાસી પામ્યા.

આ પછી સોમવિજય વાચકે ઘણા વિચાર પૂર્વક વિજયદેવ સુરિ ઉપર વિસળનગર એક પત્ર લખ્યો. તેમાં વિજયસેન સુરિના કાળ કર્યાની હકીકત લખવા ઉપરાંત એ પણ લખ્યું કે:-આપે હવે બધાઓની સાથે પ્રેમ દાખવશો એવીઆશ છે. અમે આપની આજ્ઞા પાળવાને તૈયાર છીએ. અમારે બીજાનું કંઇ કામ નથી. વળી આપ જો ગુરૂનું વચન પળાવશો તો આપની ઘણી કીર્તિ વધશે.

આના જવાબમાં વિજયદેવસુરિએ લખ્યું:-ગુરૂવચન તે સાચાંજ છે. અને તે સારી રીતે પળાવશું.

વિજયદેવસૂરિનો આ પત્ર વાંચીને બધો સાધુ સમુદાય આનંદિત થયો.

( હવે ઘર ફુટે ઘર જાય છે તેનો પ્રત્યક્ષ નમુનો )

ચોમાસું ઉતરતાં પાટણના સંઘે વિજયદેવસૂરિને પાટણ પધારવા વીનંતી કરી. આ વખતે વિજયદેવસૂરિએ સંઘને કહ્યું કે:-હું કહું તે પ્રમાણે પાટણનો સંઘ કરે તો હું ત્યાં આવું. પાટણના અગ્રણી શ્રાવકે કહ્યું કે:- "આપને એવું શું કામ છે ? સૂરિજીએ કહ્યું:-કોઇ પણ મતું કરાવ્યા કે મીચ્છામિદુક્કડં દેવરાવ્યા સિવાય, સાગરોને ગચ્છમાં લઇલેવા અને તેમ કરવાથીજ મારી લાજ રહી શકે તેમ છે.

ઉપરે શરમને લીધે પાટણના સંઘે એ પ્રમાણે લખી આપ્યું કે વિજયદેવસૂરિ જે કહે તે અમારે પ્રમાણ છે.

તે પછી સંઘ પાટણ ગયો. વિજયદેવસૂરિ મહેસાણે ગયા અહીં અમદાવાદનો સંઘ વાંદવા આવ્યો. વિજયદેવસુરિએ વિચાર કર્યો કે 'આ લોકો મને વેરી લેશે' સાગરોને લેવા દેશે નહી. મારાથી કંઇ વિરોધ કહેવાશે નહી. શીઘ્ર તેઓ ધીણોજ પહોંચ્યા. વિજયદેવસુરિ સાગર સંબંધી પોતાનું કાર્ય સિદ્ધ કરવાને પાટણ ગયા.

પાટણમાં આવ્યા પછી વિજયદેવસુરિએ ધનવિજયને અમદાવાદ ભક્તિસાગર અને નેમિસાગરને બોલાવવા માટે મોકલ્યા.

ધનવિજયે સોમવિજય વાચકની પાસે આવી વંદના કરી.

સોમવિજય વાચક:- એવું શું કાર્ય છે કે એકાએક અહીં આવવું થયું ? ધનવિજયએ કહ્યું:- કંઇ કામ પ્રસંગે ખંભાત આવ્યો હતો, ત્યાંથી અહીં આવ્યો છું.

સોમવિજય વાચક:-તમે સમાચારીના સારા જાણવા વાળા છો, છતાં પોતાના ગુરૂએ જેઓને બહાર કાઢયા છે. તેઓને મળો છો, વંદન કરો છો અને એકાંતમાં વાતો કરો છો, તે વ્યાજબી કહેવાય નહી. ધનવિજયજીએ કહ્યું:-હું આ બધું કાર્ય ગચ્છનાયક વિજયદેવસુરિના આદેશથી કરૂં છું.

સોમવિજય વાચક:- અમે તેમની આટલી બધી ખટપટ જાણતા નથી.

આ પછી ધનવિજયજીએ નેમિસાગરને કેટલીક શીખામણ આપીને ખંભાત મોકલ્યા અને કહ્યું કે:-ત્યાં તમે પોતાના મતના (સાગરમત) પ્રરૂપણા કરો અને સંઘોને સાચા કરો. (અહીંયાં સંઘો એટલે કુમતી કુદ્દાલ ગ્રંથ વીગેરે જેને માટે શ્રી ધર્મસાગરે ત્રણ ચાર વખત વિજયદાનસુરિ સમકાલિન હીરસુરિશ્વરજી પાસે માફી માંગી હતી.)

( આગમોને નામે જેવી દુકાનમાં પ્રવચન-વીરશાસન જેવા પુસ્તકોનો પ્રચાર કરવો હોય-જુદો ગચ્છ સ્થાપવો હોય તેને સતારમી સદીના સાગરોના માફક કેવી રીતે પહોંચી વળશો મારા જૈન બંધુઓ ? )

( દરરોજ સાંજ સવાર પ્રાર્થના કરો કે આવા માર્ગ ભુલેલાઓને સત્યના રસ્તા સુઝે અને મારા જૈન બંધુઓ આવાઓથી ચેતતા રહેશો તેમાંજ આત્મ કલ્યાણ છે. )

ભકતીસાગરને સાથે પાટણ લાવ્યા. પાટણમાં ભકતીસાગરને બીજા ઉપાશ્રયમાં ઉતારવામાં આવ્યા. બીજા મુનીયો અને શ્રાવકો ( વિજયદેવસુરિ સીવાય) ભકતીસાગર પાસે જવા લાગ્યા અને તેમની પ્રરૂપણા સાંભળવા લાગ્યા.

આ ઉપરથી સોમવિજયવાચકે નંદિવિજયવાચકને ખંભાતથી બોલાવી વિજયદેવસુરિની સેવા કરવા માટે મોકલ્યા નંદિવિજય વાચક હળાદપુર પહોંચ્યા. ત્યારે વિજયદેવસુરિના કેટલાક સાધુઓ અને શ્રાવકો વાંદવા માટે આવ્યા. નંદિવિજય વાચકે તેમને કહ્યું:-વિજયસેનસુરિએ જેઓને ગચ્છ બહાર કર્યાં છે તેઓને તમે સ્થાન કેમ આપ્યું ?

શ્રાવકોએ કહ્યું:—"ગુરૂના વચનથી" નંદિવિજય વાચક:—"તેમણે પણ ગુરૂનું વચન માન્યું નથી."

શ્રાવકો ઝટ પાટણ પહોંચ્યા અને ભક્તીસાગરને ઉપાશ્રયની બહાર કાઢયા. તેઓએ કોઇના ઘરમાં જઇને ઉતારો કર્યો. તેમનું ઘણું અપમાન થયું તે પછી તેઓ અમદાવાદ આવ્યા અને બધી વાત શાન્ત પડી ગઇ.

(જેવી રીતે ભક્તીસાગરને કોઇના ઘરમાં જઇને ઉતારો કરવો પડયો તેવી રીતે વીશમી સદીમાં તેજ પાટણ મુકામે વિજયવલ્લભસૂરિ ટમણાજીની વાડીમાં ઉપાશ્રય નહી મળવાને કારણે ઉતારો લે છે—પાટણમાં જૈન તેમજ જૈનેતર તરફથી પુષ્કળ અપમાન પામે છે. નેમીશ્વર પ્રભુના મંદિરમાં કર્મ ખપાવવાનો ઢોંગ ચાલી સ્થાનીક પાટણના સંઘને ગાળો ભાંડે છે તે વીશમી સદીની નવાઇની નવી નથી કારણ કે ઇતિહાસ તેનું પુનરાવર્તન કરેજ જાય છે તે ફક્ત પંચમકાળનો પ્રભાવ)

તે પછી નંદિવિજય વાચક ધુમધામ પૂર્વક પાટણમાં આવ્યા વિજયદેવસૂરિને વિધિપૂર્વક વંદણા કરી પરંતુ વિજયદેવ સૂરિએ પ્રેમપૂર્વક તેઓને બોલાવ્યા નહી. નંદિવિજય વાચક તેમનાથી લગારે ડરતા નહોતા. વિજયદેવ સૂરિ કદાચ સાગરોની વાતો સંભળાવતા તો નંદિવિજય વાચક શ્રાવકોને સમજાવી દેતા આવી આવી ઘણી ખટપટો ચાલી તે ખબર સોમવિજય વાચકે અમદાવાદમાં જાણી ત્યારે કેટલોક વિચાર કરીને વિજયદેવસૂરિને લખ્યું કે આપની આજ્ઞા હોય તો આપની સેવામાં હાજર રહું"

આના જવાબમાં વિજયદેવસૂરિએ સોમવિજય વાચકને ખંભાત જવા માટે આજ્ઞા ફરમાવી અને ખંભાતમાં જઇને મનોહર સ્તુપની પ્રતિષ્ઠા સોમવિજયવાચકના હાથે થઇ.

વિજયદેવસૂરિ પાટણમાં રહીને સાગરમતના ખોટો (આગમ નહી પણ પોતાનો વાડો વધારવાની યુક્તિઓ) પ્રરૂપવા લાગ્યા.

નંદિવિજયવાચક ઘણું સમજાવતા પરંતુ તેમણે માન્યું નહી. આ બીનાથી નંદિવિજયવાચક ઘણા દુઃખી થયા અને કુંણગેરથી વર્ધમાનવિજયજીને તેડાવ્યા. એક પત્ર વર્ધમાનવિજય પાસે લખાવી સોમવિજયવાચકને વીજયદેવસુરીની સર્વે હકીકત જણાવી સોમવીજયવાચકે છત્રીસ બોલ લખી જણાવ્યા તે હવે પછી બહાર પડશે.

(અપૂર્ણ)

---

પાટણના યુવાનો અને યુવાનીના કોડ સેવતા વૃધ્ધો! સમય બહુ બારીક છે. સમાજ અને ધર્મની સેવા કરવાનો આ અણમોલો અવસર છે, તેની રક્ષા કરવાનો તમારો પરમ ધર્મ છે, તેનો દ્રોહ કરનારને સાથ નહિ આપવાનો અને તેવાઓથી સ્વધર્મી બન્ધુઓને સંરક્ષવાનો તમારો આ ઉચ્ચ પવિત્ર અને હિતાવહ કર્તવ્ય પંથ છે. માટે ચેતો તમારી શ્રાવક સંસ્થામાં સંઘના દુર્જય કિલ્લામાં એ ગાબડુ પાડે તે પહેલાં ચેતો અને યોગ્ય પ્રતિકાર કરો. વિજય તમારોજ છે.

સુરેન્દ્રલાલ એલ. પરીખ.

# પટ્ટણીઓ ! સાવધાન !

પાટણ એક પ્રાચીન અને ઐતિહાસીક શહેર છે, નરેન્દ્ર કુમારપાલ અને આચાર્ય હેમચન્દ્ર જેવા પુણ્યશાળી મહાશયોના પગલાંથી વિભુષિત થએલી કર્તવ્યભુમી છે, અનેક સુંદર જિનાલયો, સાહિત્ય ભંડારો અને ઉપાશ્રયોથી અલંકૃત એ નગરી એક વખત સારા ભારત વર્ષમાંજ નહિ બલ્કે અખિલ જગતમાં અનુપમ અને અદ્વિતીય નામના ધરાવતી હતી. એનો ઇતિહાસ સુવર્ણના અક્ષરોથી લખાયલો છે એના ચિરંજીવ સંસ્મરણો આજની જૈન અને જૈનેતર પ્રજાને આનંદોલ્લાસમાં ગરકાવ કરે છે.

આવી શાંત, પુરાતન અને દિવ્ય ભુમિમાં જેણે અગાઉ કુસંપના ઝેરી બીયાં વાવી મુક્યા છે, અને હવે તેને સિંચન કરી મહાન વૃક્ષ બનાવવા માંગે છે, એટલુંજ નહિ પણ રહી સહી શાંતિમાં ખળભળાટ મચાવવા નામચીન રામ વિજયના પનોતા પગલાં થાય છે. આચાર્ય મેઘવિજયજીને આગળ ધરી જેઠ શુદ બીજે શહેરમાં પ્રવેશ કરે છે. પટ્ટણીઓ! તેમના કાર્યથી સુપરિચિત છે એટલે તેમણે જિંદગીમાં કોઇ ભાઇ કે બ્હેન ન ફસાય તે ખાતર આ લાલબત્તી ધરવાની જરૂર પડી છે.

તેમણે અયોગ્ય દીક્ષા પ્રદાન અને શિષ્ય વૃદ્ધિના મોહથી આપણી પવિત્ર ભાગવતી દીક્ષાના નામને કલંકિત કર્યું છે. જ્ઞાન કેળવણીની સંસ્થાઓ ઉપર અણછાજતા પ્રહારો કરીને સમાજમાં અંધકાર ફેલાવી પોતાની પોપશાહી ચલાવવા સમારંભ શરૂ કરી દીધો છે. સગીરોને અને નવ વિવાહિતોને નસાડી ભગાડી સમાજના ઘેરેઘેર અશાંતિ, કલેશ, કુસંપ અને અંધેરના દાવાનળ પ્રગટાવ્યા છે. જેઓ ખાદી, સ્વદેશી અને સ્વરાજ તરફ સંપૂર્ણ સૂગ ધરાવે છે. મહાત્માજી જેવાને ગાળીપ્રદાન કરી રાષ્ટ્રીય તત્ત્વને હલકું પાડે છે. ઉત્સૂત્ર ભાષણોથી ધર્મને છિન્ન ભિન્ન કરી નવો રામપંથ કહાડવાની પેરવી કરી રહ્યા છે. જેનામાં સાધુતાએ દેવાળુ કહાડયું છે. પંચમહાવ્રતોની હસ્તી નાબુદ થવા બેઠી છે. જેની વાણીમાં સંયમ નથી જેના શબ્દો હલાહલ વિષથી ભરપૂર છે. ક્રોધ, હિંસા અને અસત્ય આક્ષેપો એ જેના જીવન મંત્રો છે. એવા તે તમારા શહેરમાં પગલાં મુકે છે.

આવા કલેશને પોષનારા કુસંપને પ્રસારનારા અને ધર્મને નામે અધર્મની દુકાન ચલાવનારા સાધુથી પટ્ટણીઓ ? ચેતજો ! સારા સૌરાષ્ટ્રે તેમને હાંકી કાઢીને તેમની ઉન્માદ ભરેલી ઝેરી વાણીને જડબાતોડ જવાબ આપ્યો છે. આથી જૈનપુરીના નામે ઓળખાતી પાટણની પવિત્ર ભુમિની લાજ રાખવાને સમાજમાં કુસંપ પક્ષાપક્ષી અને કલેશના ઉત્પાદકને ઘેરેઘેર હોળીઓ સળગાવી અંગારા વેરનાર અને સમાજને ભયરૂપ—હિત શત્રુને યોગ્ય સન્માન આપજો.

અનુસંધાન પાને ૨ થી

લખી રહ્યો છે, પણ એ બીચારાને એટલું પણ ભાન નથી કે સૂર્યના સામે ઉડાડેલી ધુળના શા હાલ થાય છે? તેજ હાલ લખનારના થઇ રહ્યા છે. જૈન સમાજ આવા નિંદકોને પોષી રહી છે. એથીજ જૈન સમાજની પડતી દશા આવી છે ચારીત્ર ભ્રષ્ટ થએલાઓને અધીક વેતન આપી ચારીત્રવાનની નીંદા અપશબ્દો લખાવવા અને પોતાના વખાણના શકા ફરકાવવા એ સીવાય પત્રમાં બીજુ કાંઇ હોતું નથી. જૈન સમાજ! હે પ્રભુ મહાવીરના પરમભક્તો! હવે તો ચેતો અને આવા ચારિત્ર ભ્રષ્ટ નરાધમોને અને જૈન સમાજનો નાશ કરનાર સાધુ નહી પણ અમતાનોને દૂર ફેંકો જ્યાં સુધી જૈન સમાજ આવા ને પોષે છે. ત્યાં લગી કોઇ કાલે જૈન સમાજની ઉન્નતિની આશા રાખવી એ આકાશ કુસુમ વતજ માનવી.

પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયવલ્લભસુરીશ્વરજી મહારાજ પાછળ કેટલાક આડુ આવીને પડયા છે કે જ્યાંસુધી નિરંતર દસવીસ ગાળોનો વર્ષાદ ન વર્ષાવે, અપશબ્દો ન લખે ત્યાં લગી લખનારને કે બોલનારને ખાવું પચતું નથી. જેમ પ્રભુ મહાવીરની પાછળ ગોસાલો અને પ્રભુ પાર્શ્વનાથ ભગવાનની પાછળ કમઠ પડયો હતો. તેવીજ રીતે કેટલાક નરાધમો અને મુનિઅંગારાઓ પૂજ્ય આચાર્યશ્રીની પાછળ પડયા છે આ વાત આજે આખી જૈન સમાજ અને જૈનેતર વર્ગ સારી રીતે જાણે છે.

મહામાનવીર તીર્થંકરો પાછળ અધમ ગોસાલો અને નીચ કમઠ જેવો પડયો હતો તો પુજ્ય આચાર્ય વીજય વલ્લભ સુરીજી મહારાજ પાછળ ન પડે તો તે કેમ ચાલે? ગોસાલા જેવા પામરની તો છાપ પડી ગઇ કે અમુક ભવમાં સંસારનો અંત કરી મોક્ષસુખનો ભાગી બનશે. પરંતુ આ વીસમી સદીના નફ્ફટ ગોસાલાઓના શા હાલ? તે વાચક સ્વયં વીચારી લે. નીષ્કારણ એકપક્ષીય ચશ્મા ઉંચા લગાડી પુજ્યપાદ શ્રી વીજયવલ્લભસુરીજી મહારાજ માટે વાણીનો ઢણ રાખ્યા વીના મનમાં જેમ આવે તેવી રીતે લખવું એ એક પ્રકારની અધમતા છે. શાસન ચલાવનારાઓ પોતાની મેળેજ શાસન રક્ષકના મન હાવતા હાઉસો લગાડી પુજ્ય આચાર્યશ્રી વીજયવલ્લભસુરીજી માટે ગમે તેવું અસત્ય કે પાપા ચીનાતું લખે પણ એ અખંડ શાંતીનો સાગર અદ્વિતીય શાન્તમુર્તિ, આખી દુનિયામાં પ્રભુ મહાવીરના સત્ય ધર્મનો વિજય ડંકો ફરકાવનાર પુજ્યપાદ આચાર્ય શ્રી વિજય વલ્લભસુરજી કોઇ કાલે ત્હારા જેવા માટે એક અક્ષર પણ નહી લખે. ત્હારા જેવા હડધુત થએલા માટે પોતાની મહાન શાંતિનો કદાપિ ભંગ નહીજ કરે એ ધ્યાનમાં રાખજે.

"જાત વિના ભાત નહી" આ નિયમ સુપ્રસિદ્ધ છે.

જો યાદ ન હોય તો ઉપરનું વાકય યાદ કરી લેજે અને હવે તો કાંઇ મર્યાદા લખવામાં કે બોલવામાં રાખજે. નહી તો યાદ રાખજે હાલમાંજ રૂપેનના બાદશાહના જે હાલ થયા છે તેથી પણ અધિક નીંદનીય હાલ તમારા ન થાય માટે ઉપરનો મંત્ર ધ્યાનમાં રાખી વાણીનો સંયમ રાખવા ચુકશો નહી.

શ્રી મહાવીર વીદ્યાલયને તો પોષવા અનેક નરરત્નો જગતમાં પડયા છે. હાલમાંજ એક ભાગ્યવાને ત્રીસ હજારની મોટી રકમ વીદ્યાલયમાં આપી છે અને કોઇ ભાગ્યના લાલો એથી પણ વધુ રકમ આપવાવાલા પડયા છે પણ યાદ રાખજે ત્હારા જેવા જેનું ખાય તેનુંજ ખોદનારાઓનું, શ્રી સંઘને હાડકાનો માળો કહેનારનું કે "સાધુને સાધ્વીના કપડા પહેરાવી સાધ્વીના ટોળામાં રાખવો" આવું મહામીથ્યા બાગલની માફક પ્રલાપ કરનારનું પોષણ થવું મુશ્કેલ ન થઇ પડે!! સાધુના વેષમાં હોવાથીજ આવા હલકટોનું પોષણ સમાજ કરી રહી છે. નહી તો હડકાયા શ્વાનનાં જે હાલ થાય છે તેજ હાલ થાત. પુજ્યપાદ આચાર્ય શ્રી વિજયવલ્લભસુરિજી મહારાજ દક્ષિણ તરફ ગમ્છતિ નથી કરી ગયા, ગમ્છતિ તો તેજ કરી શકે છે કે જેઓના પાપના પડઘા ચોતરફ વાગી રહ્યા હોય, પવિત્ર તીર્થસ્થાન પાલીતાણા જેવા ઉત્તમ સિધ્ધગિરિમાં વ્યભિચારમાં અખાડા ખુલ્લા પડી ગયા હોય, સૃષ્ટિ વિરૂધ્ધ પાપકર્મ પ્રગટ થયા હોય ગુજરાત કાઠીયાવાડમાં હડધુત બનેલાને નાસવા અને ખુનનો આશ્રય લેવો પડયો હતો અને કોર્ટ તરફથી પાંચ વર્ષ માટે રાજનગરમાં આવવું નહી આ હુકમથી સાંજનાજ ખડીયા પોટલા બાંધી જે રાજનગરની હદ દુરંદાથી ઓળંગી ગયા હોય તેજ પોતાના મનમાં વિચારી લે કે ગમ્છતિ કોણ કરનાર? બાકી પુજ્યપાદ આચાર્ય શ્રી વિજયવલ્લભ સુરિજીને તો દશે દિશા તરફથી વિનંતીઓની હારમાલાઓ આવતી હોય અનેક પુણ્યાત્માઓ, જેમના ચરણો સેવી રહ્યા હોય ત્યાં ગમ્છતિ કે રવાનાની વાત કરનાર કેવળ ઘેલુંજ ગણાય.

મુખ્ય વાત તો એ છે કે પુજ્યપાદ સ્વપર સમયવિદુ આચાર્યશ્રી વિજયવલ્લભસુરીશ્વરજી મહારાજને આખા દક્ષિણ દેશે એકી અવાજે વધાવી લીધા અને અખીલ મહારાજ તરફથી અપુર્વ સત્કાર મળ્યો એ જોઇને કેટલાક ઇર્ષ્યામાં બળતા અને ક્રોધાગ્નિથી બળવલ્યમાન થઇને પુજ્ય આચાર્ય મહારાજ ઉપર ખોટા બનાવો ઉભા કરી પોતાની પોત પામરો પ્રકાશી રહ્યા છે. અને ક્રોધાગ્નિને શમાવી રહ્યા છે, વર્ષા ઋતુમાં અનેક વનસ્પતિઓ નવ પલ્લવિત થાય છે. પરંતુ ભાગ્યહીન જવાસ નામની વનસ્પતિ નપલ્લવિત થએલી પોતાની જાતને જોઇને ઇર્ષ્યામાં આવી સુકાઇ જાય છે, તેમ પુજ્યપાદ આચાર્યશ્રી વિજયવલ્લભસુરિનો અખંડ ચારિત્રનો મહિમા જોઇ, સત્ય ઉપદેશ સાંભળી ચારે બાજુથી કીર્તિના ચશોગાન સાંભળી નરાધમો જવાસની પેઠે સુકાઇ રહ્યા છે. નામચીન કીર્તિલોલુપીઓને કીર્તિ મળતી નથી તેથીજ પુજ્ય શ્રી આચાર્ય મહારાજ ઉપર ખોટી પોતાના સડેલા ભેજામાંથી સડેલી દુર્ગંધ કાઢી નાંખી રહ્યા છે. ફેલાવી રહ્યા છે.

વિષ્ટાનો કીડો જેમ ગંદકીમાંજ આનંદ માને છે, તેમ આ પામરો બીજાની ખોટી નિંદારૂપી વીષ્ટામાં રાત દીવસ સડી રહ્યા છે, અને પોતાની ઉમર પુરી કરી રહ્યા છે.

નામધારી શાસનભક્ત, ટોળી પ્રભુ મહાવીરના નામને કલંકીત કરી રહી છે. એ જનતા હવે સારી પેઠે જાણતી થઇ ગઇ છે. સમજુ વર્ગ દુધપાકીયા ટોળી ઉપર દયાજ ચિંતવે છે.

વીરચરણોપાસક.

---

—શ્રી જૈન દવાખાના મુંબઇમાં એપ્રિલ માસમાં કુલ ૧૬૧૫ દર્દીઓએ લાભ લીધો હતો, સરેરાસ દૈનિક હાજરી ૫૪.

# ગ્રંથાવલોકન.

શ્રી જૈન તત્વ પ્રવેશક જ્ઞાન માળા–સંયોજક, સદ્ગુણાનુરાગી મુનિ કર્પુરવિજયજી–સિદ્ધક્ષેત્ર અને પ્રકાશક–રા. કુંવરજી આણંદજી–ભાવનગર દ્વિતીયાવૃત્તિ–કીંમત–અંદર પઠન પાઠન.

સામાયિક અને ચૈત્યવંદનના અભ્યાસ માટે નવીન રચના શૈલીથી તૈયાર થયેલું આ પુસ્તક ખરેખર ઉત્તમ છે. પુસ્તકની પદ્ધતિ પુરવાર કરે છે કે સામાયિકાદિ આપણાં આવશ્યક સૂત્રો જૈન ધર્મ શિક્ષણની પ્રારંભપોથી કે માર્ગોપદેશિકા નથી પણ કેટલોક પ્રાથમિક ધાર્મિક અભ્યાસ થયા પછીની મંદિરાન્તઃ પ્રવેશિકા જેવી માધ્યમિક અભ્યાસ માટેની પાઠમાળા છે. જીવવિચાર, જીવ અને આત્માનો સંબંધ, પાંચ ઇંદ્રિયોના વિષયો, જીવ અને કર્મ, પુણ્ય અને પાપ આદિ વિષયોના પાઠો આરંભમાં આપી સામાયિક શિક્ષણ માટેની ભૂમિકા તૈયાર કરવામાં સફળતા મેળવી છે એ નિઃસંદેહ વાત છે. આ પદ્ધતિથી તે સૂત્રોનો અભ્યાસ જરૂર સરળ થશે. સૂત્રોનો સંગીન અભ્યાસ તો સંસ્કૃત પ્રાકૃત ભાષાદ્વારા યોગ્ય ઉમ્મેરજ થઇ શકે; પરંતુ આ પ્રયાસ એટલા માટે આવકારદાયક લેખી શકાય કે તે તે સૂત્રોના અભ્યાસ પૂર્વેની ભૂમિકા સરસ રીતે આ જ્ઞાનમાળામાં તૈયાર કરવામાં આવી છે અને તે માટે સંયોજક અને પ્રકાશકને અને ખાસ કરીને સદ્ગત શેઠ અમરચંદ તલકચંદને અભિનંદન ઘટે છે.

આ પુસ્તકને અંગે નીચલી સુચનાઓ કરવાની રહે છે:–

૧. નાની ઉમ્મરના વિદ્યાર્થીઓ માટે આ પુસ્તક યોજવામાં આવ્યું હોય તેમ જણાય છે તેથી

(ક) આઠમા પાઠમાં ' માતા પિતાના સંયોગથી ઉત્પન્ન થનારા ' એ શબ્દો કાઢી નાખવા.

(ખ) ૧૯ મા પાઠમાં, 'કોઇપણ પુરૂષ અથવા સ્ત્રીએ મૈથુન સેવવાથી' એને બદલે ' વિષયસેવન ' કે એવા પર્યાયવાચી શબ્દનો ઉપયોગ કરવો.

(ગ) બ્રહ્મચર્યની નવ ગુપ્તિ વિગેરેને લગતા પાઠો ૩૭, ૩૮, ૩૯, ૪૦ અને ૪૫ જુદી રીતે લખાવા જોઇએ. વિકારનું સૂક્ષ્મ જ્ઞાન બાળ વિદ્યાર્થીને આપવું ન ઘટે. તેવું જ્ઞાન નાની ઉમ્મરે વિકાર દાબવાને બદલે ઉત્તેજે છે અને કુતુહલ વૃત્તિને તો ખાસ ઉશ્કેરે છે.

(૨) ૬૬ મા પાઠમાં ' જાવજ્જિઅંઆએ ' નો અર્થ ' આપના શરીરને બાધા ન થાય તે રીતે ' આપવામાં આવ્યો છે. ૬૮ મા પાઠની શરૂઆતમાં પણ તેજ અર્થ આપવામાં આવ્યો છે. જ્યારે પાછળથી ' શક્તિયુક્ત ' એવો અર્થ કરવામાં આવ્યો છે. આમ બે અર્થ આપવાથી વિદ્યાર્થીને ગુંચવાડો થાય એ કુદરતી છે. એકવાર અવ્યય તરીકે ગણેલાને બીજીવાર વિશેષણ ગણવું એ બંધબેસતું થતું નથી. આને અંગે વધુ ચર્ચા માટે જુઓ " આપણું ખમાસમણ અથવા પ્રણિપાત સૂત્ર " એ લેખ જૈનયુગ, ફાગણ–ચૈત્ર ૧૯૮૩ નો અંક ૧૭ પૃષ્ઠ ૨૯૯. આ બંને અર્થમાંથી કયો અર્થ બંધ બેસતો છે તે વિચારવા જેવું છે. ગમે તે હો, પણ એકજ ઉચિત અર્થ મુકવો.

૩ સામાયિક વિભાગ પુરો થતાંજ, એટલે પૃષ્ઠ ૧૦૦ થી પ્રતિપાદક શૈલી મુકી દેવામાં આવી છે અને જુની પ્રણાલિકાથીજ સામાયિક લેવા પારવાની વિધિ, દેવદર્શન ચૈત્યવંદન વિધિ વિગેરે આપવામાં આવેલ છે. તો સુચના છે કે પ્રથમ સ્વીકારેલ પદ્ધતિથી આ ભાગ પણ લખાય તો પુસ્તક વધુ લાભદાયી થશે. જૈનશાળાઓને આ પુસ્તક ઘણુંજ ઉપયોગી થઇ પડે તેવું છે. આ શૈલીથી આખું પ્રતિક્રમણ લખાય તો ઘણો લાભ થવા સંભવ છે. આશા છે કે તે કામ કોઇ વિદ્વાન મુનિમહારાજ કે શ્રાવક ઉપાડી લેશે.

## શાસનરોધીનું ભાવનગરમાં પરાક્રમ.

વીરશાસન વારંવાર અભિમાન લે છે કે રામવિજયજી પ્રત્યે ભાવનગરમાં વિરોધ હતો નહિ વિરોધ કરનારાને તેની હમેશની ટેવ મુજબ ટેકરાટો ને રખડતા તરીકે ઓળખાવે છે ભાવનગરનો સમુદાય ધર્માનુરાગી છે. ને રામવિજયજીની બરોબર તે વર્ગને પીછાણ નહોતી એટલે સહુ છે ને આવું માત્ર પુજવા લાયક ગણાય એવી અંધશ્રદ્ધાથી સમુદાયે સાથેમાં ભાગ લીધો હોય તેમાં તેમની શ્રદ્ધા કારણભૂત છે. તેમાં રામવિજયજીની કહેવાતી મહત્તા કારણભુત નથી. બધાણુ વર્ગમાંના કેટલાકને તેમના ભાવનગરના જેવા ભાષણથીજ તેમની ઓળખાણ થઇ ગઇ હતી ને તેઓ તેવ વિચારો પ્રગટ કરતા હતા.

### વધારે ખાત્રી નીચેની નોટીસ પુરી પાડશે.

જત અમારા અસીલ શા. માણેકચંદ રાયચંદ હીરાચંદ ભાવનગરવાળા રહેવાસી ભાવનગરનાની ફરમાસ અને સુચનાથી અમો વકીલ જણાવીએ છીએ કે અમારા અસીલના દીકરા નામે પ્રતાપરાય માણેકચંદ ઉમર આશરે વરસ ચઉદનાને આસરે ૭ સાત દીવસથી અમારા અસીલના કેટલાક દુશ્મનોએ બદસલાહ તથા ઉશ્કેરણીથી અમારા અસીલના ઘેરથી નસાડી મુકયો છે અને અમારા અસીલે તે બાબતની તપાસ કરતાં માલુમ પડયું છે કે મજકુર પ્રતાપરાય કોઇ જૈન સાધુની ઉશ્કેરણીથી દીક્ષા લેવાની તજવીજમાં છે. આ આગના મહાનમાં પણ અમારા અસીલ મજકુર તેમના દીકરાને વડવાળા મુકામે જૈન સાધુ શ્રી રામવિજયજીના અપાસરામાંથી સમજાવીને ઘેર લાવેલા હતા. માટે આથી તમામને જાહેર નોટીસ આપવાની કે મજકુર અમારા અસીલનો દીકરો સગીર ઉમરનો તથા કમઅકલનો છે તથા અમારા અસીલ તેના કાયદેસર વાલી છે તેને તેની કમઅકલતા તથા સગીરતાનો લાભ લઇ કોઇ સખસ અથવા સખસોએ બદસલાહ તથા ઉશ્કેરણી કરી અમારા અસીલની સંમતી સીવાય તેમની જાણ બહાર રીતે કોઇપણ જાતની દીક્ષા વીગેરે કાંઇ આપવું અપાવવું નહીં અને તેમ છતાં તેવું કાંઇ ગેરકાયદેસર કૃત્ય કોઇ સખસ અથવા સખસો કરશે કરાવશે તો અમારા અસીલ તે બાબતમાં કાયદેસર તમામ પગલાં લઇ તેમાં થતા તમામ ખર્ચ નુકશાન વીગેરેના જોખમદાર તેમને ગણશે તે નકકી સમજવું.

જેસીંગભાઇ મોહનલાલ ગાંધી.
બી. એ. એલ. એલ. બી.
એડવોકેટ.

ઠેંકણાળી અમદાવાદ તા૦ ૭–૫–૧૯૩૧.

---

ઉપરનો છોકરો ગુમ થયા પછી ભાવનગરમાં ખળભળાટ થયો છે વિણકીયા જ્ઞાતિયે ને ભાવનગરના સંઘોએ શા સાધથી આ સબંધમાં યોગ્ય પગલાં લેવાય તેને માટે રીકવીઝશન મોકલવા હેવાનું સંભળાય છે. સંઘ એટલે આપણે–યુવાનો કેણ? એવી માન્યતાવાળાઓના પડળ હજી ઉઘડયા નહિ હોય. સમય તેમને રામવિજયજીની સાચી ઓળખાણ પાડશે.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, સાથા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરીછે.